RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 201, Dt.12-11-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# માર્ગ અકસ્માતમાં ૧૦ વર્ષમાં ૧૫ લાખ લોકોની જિંદગી છીનવાઈ

## દેશમાં માર્ગ અકસ્માતો લઈને ચોંકાવનારો રિપોર્ટ બહાર આવ્યો : ૨૦૧૪ થી ૨૦૨૩ દરમ્યાન ૧૫.૩૦ લાખ લોકો અકસ્માતોનો ભોગ બન્યા : દર ૧૦,૦૦૦ કિમી પર ૨૫૦ મોત નોંધાયા


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતના રસ્તાઓ પર ચાલવું એ તમારા જીવનને તમારા હાથમાં લઈને ચાલવા જેવું છે. માર્ગ અકસ્માતને કારણે થતા મૃત્યુના મામલામાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના ડેટા દર્શાવે છે કે છેલ્લા ૧૦ વર્ષોમાં (૨૦૧૪-૨૦૨૩) લગભગ ૧૫.૩ લાખ લોકોએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. આ ચંદીગઢ જેવા કેન્દ્રશાસિત પ્રદેશની કુલ વસ્તી કરતાં વધુ છે. તે પહેલાના દાયકા દરમિયાન (૨૦૦૪-૨૦૧૩) દેશમાં માર્ગ અકસ્માતને કારણે ૧૨.૧ લાખ મૃત્યુ નોંધાયા હતા.

માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુના તાજેતરના આંકડા ચોંકાવનારા છે. છેલ્લા એક દાયકામાં એટલે કે ૨૦૧૪ થી ૨૦૨૩ વચ્ચે લગભગ ૧૫.૩ લાખ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. આ આંકડો કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની વસ્તી કરતા વધુ છે. કેન્દ્ર સરકારે માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુને ઘટાડવા માટે તેની પ્રતિબદ્ધતાનો વારંવાર પુનરોચ્ચાર કર્યો છે અને સુપ્રીમ કોર્ટે પણ આવા મૃત્યુને રોકવા માટે દરમિયાનગીરી કરી છે. જો કે, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના ડેટા દર્શાવે છે કે દેશમાં માર્ગ અકસ્માતમાં દર ૧૦,૦૦૦ કિલોમીટરે ૨૫૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. જો આપણે અમેરિકા, ચીન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોની વાત કરીએ તો આ આંકડા ૫૭, ૧૧૯ અને ૧૧ છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે આ આંકડા અત્યંત જોખમી છે.

રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીના ડેટા મુજબ છેલ્લા એક દાયકા (૨૦૦૪-૧૩)માં માર્ગ અકસ્માતમાં ૧૨.૧ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સમયગાળા દરમિયાન દેશમાં નોંધાયેલા વાહનોની સંખ્યા ૨૦૧૨જાક્ત્ન ૧૫.૯ કરોડથી બમણી થઈને ૨૦૨૪ સુધીમાં અંદાજે ૩૮.૩ કરોડ થઈ ગઈ છે અને રસ્તાઓની લંબાઈ ૨૦૧૨માં ૪૮.૬ લાખ કિલોમીટરથી વધીને ૨૦૧૯માં ૬૩.૩ લાખ કિલોમીટર થઈ ગઈ છે. જોકે, નિષ્ણાતોએ જણાવ્યું હતું કે રસ્તાની લંબાઈ અને વાહનોની સંખ્યામાં વધારો દર વર્ષે વધુ મૃત્યુનું કારણ હોઈ શકે નહીં.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ એક પોલીસ અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે એક પણ હત્યા માટે સત્તાવાળાઓ પાસેથી ખુલાસો માંગવામાં આવે છે પરંતુ જીવલેણ માર્ગ અકસ્માતોના કિસ્સામાં પણ આવી કાર્યવાહી કરવામાં આવતી નથી. દિલ્હી પોલીસના એક ભૂતપૂર્વ



અધિકારીએ જણાવ્યું હતું કે, બધી એજન્સીઓ માટે માર્ગ અકસ્માતો પ્રાથમિકતા નથી હોતા, ભલે એક ડઝન લોકો મૃત્યુ પામે.

તેલંગાણા રોડ સેફટી ઓથોરિટીના અધ્યક્ષ અને વર્તમાન સાંસદ ટી કૃષ્ણ પ્રસાદે જણાવ્યું હતું કે હત્યાઓને મહત્વ આપવામાં આવે છે પરંતુ માર્ગ અકસ્માતો અને મૃત્યુને અવગણવામાં આવે છે. માર્ગ સલામતી પર ખાનગી સભ્યનું બિલ લાવવાનું આયોજન કરી રહેલા સાંસદે જણાવ્યું હતું કે એક વર્ષમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુની સંખ્યા ભારતમાં કોઈપણ કુદરતી આફત કરતાં વધુ છે.

# ક્રિપ્ટોમાં તેજીનું ઘોડાપુર, બિટકોઈન ૧૧ ટકા ઉછળી ઐતિહાસિક ટોચે: ૧ લાખ ડોલરને આંબે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ટ્રમ્પની જીત સાથે જ ક્રિપ્ટો માર્કેટની તેજી અટકવાનું નામ નથી લઈ રહી. બિટકોઈન, ઈથેરિયમ, ડોજકોઈન સહિત ટોચની ક્રિપ્ટો કરન્સી આકર્ષક ઉછાળા સાથે આગેકૂચ કરી રહી છે. આજે બિટકોઈન વધુ ૧૦ ટકા ઉછળી ૮૯૮૫૯.૬૫ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. જે ઝડપથી ૧ લાખ ડોલરની સપાટી ક્રોસ કરશે તેવો આશાવાદ ક્રિપ્ટો નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.



બિટકોઈન આજે ૧૦.૬૬ ટકાથી વધુ ઉછાળા સાથે ૮૯૦૦૦ ડોલરનું લેવલ ક્રોસ કરવામાં સફળ રહ્યો છે. જેમાં વોલ્યૂમ ૭૩.૬૩ ટકા વધી ૧૩૪.૨૪ અબજ ડોલર નોંધાયા છે. ટ્રમ્પની ડિજિટલ કરન્સી પ્રત્યે ઉદાર નીતિઓની અપેક્ષાએ વૈશ્વિક સ્તરે ક્રિપ્ટો માર્કેટમાં ૩૦૭.૬ અબજદ ડોલરના વોલ્યૂમ જોવા મળ્યા છે. જે ગઈકાલની તુલનાએ ૪૨.૯૦ ટકા વૃદ્ધિ દર્શાવે છે. આ સાથે ગ્લોબલ ક્રિપ્ટો માર્કેટ કેપ ૯.૨૪ ટકા વધી ૨.૯૮ લાખ કરોડ ડોલર નોંધાઈ છે. ટ્રમ્પ હંમેશાથી ક્રિપ્ટો માર્કેટની તરફેણમાં રહ્યા છે. તેમની જીત સાથે ક્રિપ્ટો રેગ્યુલેટર્સ અને ડિજિટલ કરન્સી માર્કેટ પ્રત્યે ઉદાર નીતિઓ લેવાય તેવી આશાઓ સાથે ક્રિપ્ટો રોકાણકારો અને સંસ્થાકીય રોકાણકારો ક્રિપ્ટો માર્કેટમાં રોકાણ વધારી રહ્યા છે. ક્રિપ્ટો ઈટીએફમાં નેટ ફ્લો સતત વધી રહ્યો છે. વિશ્વની ટોચની અને મોંઘી ક્રિપ્ટો કરન્સી બિટકોઈનમાં ખરીદી ફરી પાછી વધી છે. જેનો માર્કેટ હિસ્સો એક તબક્કે ૪૫ ટકા થયો હતો. જે હવે પાછો વધી ૫૮.૯ ટકા થયો છે. એક તરફ એશિયન, યુરોપિયન અને અમેરિકન શેરબજારમાં ભારે વોલેટિલિટી બાદ ઘટાડો જોવા મળી રહ્યો છે, કિંમતી ધાતુ બજાર પણ રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા છે. જ્યારે ક્રિપ્ટો કરન્સી માર્કેટમાં આવેલા તેજીના ઘોડાપુરમાં સંસ્થાકીય રોકાણકારો ક્રિપ્ટો માર્કેટ તરફ ડાયવર્ટ થયા છે. ઈલોન મસ્કનો ફેવરિટ ક્રિપ્ટો કોઈન ડોજકોઈન સતત નવી ઊંચાઈએ આંબી રહ્યો છે. આજે વધુ ૪૪.૯૦ ટકા ઉછળી ૦.૪૦૨૩ ડોલર (અંદાજે રૂ. ૩૩.૮૨) થયો છે. ટ્રમ્પની જીત ૬ નવેમ્બરે નિશ્ચિત થવાની સાથે જ છેલ્લા સાત દિવસમાં ડોજકોઈનમાં ૧૪૦ ટકાનો ઉછાળો નોંધાયો છે.

# તાપમાનમાં સતત વધારો ધરતી માટે રેડએલર્ટ

**મુખ્ય સમાચાર,અઝરબૈજાન**

પર્યાવરણ પર ૨૦૦ દેશોનો મહાકુંભ સીઓપી ૨૯ તેલનો ધની દેશ અઝરબૈજાનની રાજધાની બાકુમાં સોમવારે શરૂ થયો છે. આ સંમેલનમાં સંયુકત રાષ્ટ્રનાં રિપોર્ટે ચેતવ્યા હતા કે વર્ષ ૨૦૨૪ દુનિયાનું સૌથી ગરમ વર્ષ થવાના રસ્તે છે.

સાથે સાથે પેરિસ કલાયમેટ સમજુતિનું લક્ષ્ય મોટા ખતરામાં છે. ૨૦૧૫ માં થયેલ પેરીસ સમજુતીમાં નકકી થયુ હતું કે ગ્લોબલ વોર્મીંગ અર્થાત વૈશ્વિક તાપમાનને આ સદીના અંત સુધી ઔદ્યોગીકરણ કરવા ૧૯ મી સદીનાં પહેલાના તાપમાનથી ૧.૫ ડીગ્રી સેલ્સીયસથી વધુ ન થવા દેવાનું છે.

અહીં વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (ડબલ્યુએમઓ)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, આ વર્ષે જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચે વૈશ્વીક સરેરાશ તાપમાન ૧૯મી સદીનાં અંતના તાપમાનથી લગભગ ૧.૫૪ ડીગ્રી સેલ્સીયસ વધુ રહ્યું છે.

જોકે રીપોર્ટનું કહેવુ છે કે, ૧.૫ ડીગ્રી સેલ્સીયસનો ટાર્ગેટ હજુ સૂધી તૂટયો નથી. કારણ કે આ લાંબા સમયનુ સરેરાશ દર્શાવે છે. ઈયુના કલાયમેટ મોનીટર કોપરનિકસ કહી ચુકયુ છે કે ૨૦૨૪ માં જ ૧.૫ ડીગ્રી તાપમાનની સીમા પર થઈ શકે છે.

ડબલ્યુએમએ રિપોર્ટમાં એમ પણ જણાવ્યું છે કે, ૨૦૧૫ થી ૨૦૨૪ સુધીનો દાયકો અત્યાર સુધીનો સૌથી ગરમ દસકો થવા જઈ રહ્યો છે. જે ૬ આંતર રાષ્ટ્રીય ડેટા સેટ પર આધારીત છે આ સંગઠનના પ્રમુખ સેલેસ્ટ સાઉલોએ તેને પોતાની ધરતી માટે એક વધુ એસઓએસ સેવ અવર સોલ્સ ઓળખાવ્યો છે અને રેડ એલર્ટ જાહેર કર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, આ વધતા તાપમાનથી ગ્લેશીયર ઝડપથી પિગળી રહ્યા છે અને અતિ ચરમ મૌસમી ઘટનાઓ સતત સમુદાયો અને અર્થ વ્યવસ્થાને અસર કરી રહી છે.

સીઓપીનો અર્થ છે કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ જે સંયુકત રાષ્ટ્રનું સંગઠન છે.તેમાં ૨૦૦ દેશો સામેલ છે. જેમણે ૧૯૯૨ માં યુનાઈટેડ નેશન ફ્રેમ વર્ક કન્વેન્શન ઓન કલાઈમેટ ચેન્જ (યુએનએફસીસીની) સમજુતી પર હસ્તાક્ષર કરાયા હતા.

સમજુતીનો ઉદેશ જલવાયું પરિવર્તનનાં મુળ કારણોનો નિકાલ લાવવાની સાચી ટેકનીક પર વાતચીત કરવા અને તેના અનુસાર પગલા ઉઠાવવાનું હતું અને તેના માટે દર વર્ષથી આ દેશો આ સંમેલનમાં ભાગ લે છે સીઓપીનું આ ૨૯ મુ સંમેલન છે.



આ મંચમાં એકબીજા દેશોને તેમના અગાઉના વાયદા માટે જવાબદાર ઠેરવવાનો મોકો આપે છે. આ મંચમાં દેશોએ પોતાના કાર્બન ઉત્સર્જનને આંકવા અને તેને રિપોર્ટ કરવાનું શરૂ કર્યુ છે.જોકે વર્ષ દર વર્ષે વધતા ગ્લોબલ વોર્મીંગને કન્ટ્રોલ કરવા માટે જે લક્ષ્યો નકકી કરવામાં આવ્યા હતા તેમાં હજુ પુરી સફળતા નથી મળી.

આ સંમેલનમાં ભારત ૧૮ અને ૧૯ નવેમ્બરે પોતાનો પક્ષ રાખશે. ભારત પોતાની પ્રાથમીકતાઓ અંતર્ગત કલાયમેટ ફાયનાન્સ પર વિકસીત દેશોની જવાબદારી નકકી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. યજમાન અઝરબેજાન પર આરોપ લાગી રહ્યો છે કે આ બેઠકનો ઉપયોગ જીવાશ્મ ઈંધણ સાથે જોડાયેલી ડીલ માટે કરી રહ્યો છે.

# દિલ્હીમાં હવાના પ્રદુષણને કારણે ૧૦માંથી ૪ પરિવાર બિમાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વાયુ પ્રદૂષણને કારણે દર ૧૦માંથી ચાર પરિવારો ડોક્ટરની મુલાકાત લઈ રહ્યા છે. ચિંતાજનક સ્થિતિ એ છે કે આ પરિવારો છેલ્લા ત્રણ અઠવાડિયાથી સારવાર અને દવાઓ લઈ રહ્યા છે. તેમાંથી નવ ટકા લોકોએ સીધા ક્લિનિક અથવા હોસ્પિટલમાં જવાને બદલે સોશિયલ મીડિયા દ્વારા તબીબી સલાહ લીધી.

દિવાળીની આસપાસ એનસીઆરમાં વાયુ પ્રદૂષણની સમસ્યા ગંભીર બની ગઈ છે. સર્વે અનુસાર, વાયુ પ્રદૂષણની સમસ્યાને કારણે ૪૭% લોકોએ વાયુ પ્રદૂષણ સંબંધિત દવાઓ અથવા સાધનો ખરીદ્યા. આ ડેટા લોકલ સર્કલ નામની સર્વેક્ષણ સંસ્થાનો છે.

સોશિયલ મીડિયા દ્વારા તેણે દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને ફરીદાબાદના ૨૧ હજાર લોકોના અભિપ્રાય માંગ્યા. સર્વેમાં બહાર આવ્યું છે કે દિલ્હી-એનસીઆરના ૩૩% લોકો કફ સિરપ લઈ રહ્યા છે, જયારે ૨૦% લોકોએ પેરાસિટામોલ, ૧૩-૧૩% ઈન્હેલર અને નેબ્યુલાઈઝર, ૧૩% લોકોએ એન્ટિબાયોટિક્સ અને અન્યનો ઉપયોગ કર્યો છે.

રાજધાની દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. હવાની ગુણવત્તા નખૂબ નબળીથ શ્રેણીમાં રહે છે. આજે મંગળવારે સવારે દિલ્હીના ઘણા વિસ્તારોમાં એર ઈન્ડેક્સ ચારસોને વટાવી ગયો હતો. અચઈઈગ મુજબ, મંગળવારે સવારે ૭ વાગ્યે આનંદ વિહારનો અચઈ ૪૨૦, જહાંગીરપુરીનો અચઈ ૪૨૪, ઓખલાનો અચઈ ૩૦૧ અને મેજર ધ્યાનચંદ સ્ટેડિયમનો ૨૫૪ હતો.

આ પહેલા સોમવારે દિલ્હીનો અચઈ ૩૫૦થી ઉપર નોંધાયો હતો. હવાની ગુણવત્તા સતત ૧૩માં દિવસે નખૂબ નબળીથ શ્રેણીમાં રહી હતી. વધતા જતા વાયુ પ્રદુષણને કારણે દિવસેને દિવસે હવામાં ગૂંગળામણ થઈ રહી છે પરંતુ તેમ છતાં પ્રદૂષણને રોકવા માટે કોઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવી રહી નથી.

યમુનાપરમાં ઠેર-ઠેર પડેલા કાટમાળના ઢગલા જોતા એવું લાગી રહ્યું છે કે મહાનગરપાલિકા સક્રીય રીતે કામ કરી રહી નથી. કાટમાળના ઢગલામાંથી ઉડતી ધૂળના કારણે પ્રદુષણ તો વધ્યું જ છે પરંતુ લોકોના આરોગ્યની સમસ્યામાં પણ વધારો થયો છે. કરકડી મોર, મયુર વિહાર ફેઝ-૩, કોટલા રોડ, ગાઝીપુર ખાતે



કાટમાળના ઢગલા છે. જેના કારણે લોકોને આંખોમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ અને ચામડીના રોગોનો સામનો કરવો પડી રહ્યો છે.

કેટલાક વિસ્તારોમાં પર્યાવરણને પ્રદૂષણથી બચાવવા માટે ખાસ પગલાં લેવામાં આવતા નથી. કોટલા રોડ પર કાટમાળના ઢગલા છે. જેના કારણે ઉડતી ધૂળના કારણે અહીંથી પસાર થતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે કાટમાળ પડ્યાને લગભગ એક અઠવાડિયું વીતી ગયું છે, પરંતુ તેની કાળજી લેનાર કોઈ નથી. જયારે પવન ફૂંકાય છે ત્યારે ધૂળ ઉડીને ઘરો સુધી પહોંચે છે. ખજુરી ચોકમાં માટીના થર જમા થયા છે, લોની રોડ પર વિવિધ જગ્યાએ માટીના ઢગલા પડ્યા છે. મયુર વિહાર ફેસ-૩માં એક પાર્કની સામે કાટમાળનો ઢગલો પડ્યો હતો. તેમાં કચરો પણ હતો. નિરાધાર પશુઓ ખોરાકની શોધમાં તેમાં ભટકતા રહે છે અને તેઓ રોડ સુધી કાટમાળના ઢગલા ફેલાવે છે.

# વડોદરાની રીફાઈનરીની આગ ૧૫ કલાકે કાબુમાં

## સવારે સાત વાગ્યે આગ પર નિયંત્રણ મેળવાયાનો ફાયર બ્રિગેડનો નિર્દેશ: જંગી નુકશાન: તપાસનાં આદેશ

**મુખ્ય સમાચાર,વડોદરા**

વડોદરાનાં કોયલી ખાતેની ઓઈલની રીફાઈનરીમાં પ્રચંડ બ્લાસ્ટ બાદ લાગેલી વિકરાળ આગ ૧૫ કલાકે કાબુમાં આવી હતી. બપોરે ધડાકા સાથે આગ લાગ્યા બાદ રાત્રે બીજો પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. દુર્ઘટનામાં બે લોકોના મોત થયા હતા અને અન્ય બે ગંભીર રીતે ઘાયલ થયા હતા.



કોયલીની ઓઈલ રીફાઈનરીમાં ગઈકાલે બપોરે અંદાજીત ૩.૩૦ વાગ્યે પ્રચંડ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, હાલોલ જેવા આસપાસનાં શહેરોમાંથી પણ ફાયર ટેન્કરો મંગાવવામાં આવ્યા હતા.

ફાયર બ્રિગેડ દ્વારા જાહેર કરાયુ હતું કે આજે સવારે સાત વાગ્યે આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો. સતત ૧૫ કલાક સુધી સમગ્ર વિસ્તાર ફાયર બ્રિગેડ તથા એમ્બ્યુલન્સના અવાજોથી ગુંજતો રહ્યો હતો.

રીફાઈનરીમાં વિકરાળ આગને પગલે છ કિલોમીટર સુધી ધુમાડાનાં ગોટેગોટા નજરે પડતા હતા. દુર્ઘટનામાં બે લોકોનાં મોત નીપજયા હતા. આગ બુજાવવાની કામગીરીમાં સામેલ એક ફાયર કર્મચારી સહીત અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા હતા.

# સાઉદી અરબનું મોટું ઓપરેશન : ગેરકાયદે રહેતા ૨૦ હજાર જેટલા લોકોની ધરપકડ

## રેસીડેન્સી કાયદાનો ભંગ કરનારા સૌથી વધુ ઈથિયોપિયાના

**મુખ્ય સમાચાર,સાઉદી અરબ**

સાઉદી અરબે સઘન કાર્યવાહી કરીને ૨૦,૦૦૦થી વધુ ઈલીગલ રેસિડેન્ટ્સની ધરપકડ કરી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૫૬૯ વ્યક્તિઓ કિંગડમમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયા હતા.સાઉદી અરબે તેને ત્યાં એક સઘન ઓપરેશન હાથ ધર્યું હતું અને દેશમાં ઈલીગલ રેસિડેન્ટ્સની ધરપકડ કરી છે.

સાઉદી અરબે મોટી કાર્યવાહી કરી હતી અને તેમાં દેશની વિવિધ એજન્સીઓ પણ જોડાઈ હતી. સાઉદીએ જણાવ્યું છે કે ૧૧૦૦૦થી વધુ લોકોએ દેશના રિસેડેન્સી કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. જેમાં સૌથી વધુ નાગરિકો ઈથિયોપીયાના હતા.

સાઉદી અરેબિયામાં ગત સપ્તાહે ઈલીગલ રેસિડેન્ટ્સ સામે મોટું અભિયાન હાથ ધર્યું હતું.સાઉદી અરબે સઘન કાર્યવાહી કરીને ૨૦,૦૦૦થી વધુ ઈલીગલ રેસિડેન્ટ્સની ધરપકડ કરી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૫૬૯ વ્યક્તિઓ કિંગડમમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયા હતાં. જેમાં ૨૪ ટકા યમનના નાગરિકો, ૭૩ ટકા ઈથિયોપિયાના નાગરિકો હતા જ્યારે બાકીના અન્ય દેશોના નાગરિકો તરીકે ઓળખાયા હતા.

આ ઉપરાંત ૬૩ લોકોને ઈલીગલી સાઉદી અરબ છોડવાનો પ્રયાસ કરતી વખતે પકડવામાં આવ્યા હતા. ૧૫ લોકોની ટ્રાન્સપોર્ટિંગ, શેલ્ટરિંગ અથવા એમ્પ્લોઈંગનો ભંગ કરવામાં તેમની સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં ૨૦,૩૬૩ વિદેશીઓ નાગરિકો કાયદાકીય કાર્યવાહીના વિવિધ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે જેમાંથી ૧૭,૯૧૫ પુરૂષો અને ૨,૪૪૮ મહિલાઓનો સમાવેશ થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૫૬૯ વ્યક્તિઓ કિંગડમમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયા હતા, જેમાં ૨૪ ટકા યમનના નાગરિકો, ૭૩ ટકા ઈથિયોપિયાના નાગરિકો હતા જ્યારે બાકીના અન્ય દેશોના નાગરિકો તરીકે ઓળખાયા હતા.

આ ઉપરાંત ૬૩ લોકોને ઈલીગલી સાઉદી અરબ છોડવાનો પ્રયાસ કરતી વખતે પકડવામાં આવ્યા હતા. ૧૫ લોકોની ટ્રાન્સપોર્ટિંગ, શેલ્ટરિંગ અથવા એમ્પ્લોઈંગનો ભંગ કરવામાં તેમની સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં ૨૦,૩૬૩ વિદેશીઓ નાગરિકો કાયદાકીય કાર્યવાહીના વિવિધ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે જેમાંથી ૧૭,૯૧૫ પુરૂષો અને ૨,૪૪૮ મહિલાઓનો સમાવેશ થાય છે.

# શિયાળાનો પ્રથમ ચમકારો : ગાંધીનગરમાં ૧૫.૫, અમરેલીમાં ૧૭ અને રાજકોટમાં ૧૯.૬ ડિગ્રી

## વડોદરામાં પણ ૧૮.૮ ડિગ્રી લઘુતમ તાપમાન : નલિયામાં ૧૮ ડિગ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શિયાળો હવે નજીક આવી રહ્યાનાં એંધાણ વર્તાવા લાગ્યા છે અને આજરોજ વિવિધ સ્થળે શિયાળાનો પ્રથમ ચમકારો અનુભવાયો હતો. ખાસ કરીને આજરોજ અમરેલી, ગાંધીનગર, વડોદરા અને રાજકોટમાં ઠંડીનો અસલી ચમકારો અનુભવાયો હતો.

આજરોજ રાજયમાં સૌથી ઠંડુ શહેર ગાંધીનગર રહ્યું હતું. અત્રે સવારે ૧૫.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જયારે અમરેલીમાં પણ આજે સવારે ૧૭.૨ ડિગ્રી અને વડોદરામાં ૧૮.૮ ડિગ્રી તથા રાજકોટ શહેરમાં ૧૯.૬ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું.

જયારે પોરબંદરમાં ૧૯.૮ ડિગ્રી, અમદાવાદમાં ૨૦, ભાવનગરમાં ૨૧, ભુજમાં ૨૧.૪ ડિગ્રી તથા દમણમાં ૨૦.૪ ડિગ્રી અને ડિસામાં ૧૯.૮ તથા દિવમાં ૧૯.૫, દ્વારકામાં ૨૪ અને કંડલામાં ૨૩.૬ ડિગ્રી તથા નલિયામાં ૧૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત ઓખા ખાતે ૨૬ ડિગ્રી, સુરતમાં ૨૧.૮ અને વેરાવળમાં ૨૨.૯ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાયુ હતું. ઉલ્લેખનીય છે કે, સવારમાં ઠંડી અને બપોર હજુ ગરમીનો અનુભવ થાય છે. ગઈકાલે રાજકોટ સહિત અનેક સ્થળોએ ૩૫ થી ૩૭ ડિગ્રી વચ્ચે મહતમ તાપમાન



નોંધાયુ હતું. ગંગાના કિનારે આવેલા વિસ્તારોમાં ઠંડીની અસર વધુ જોવા મળી શકે છે. રાજ્યમાં રાત્રે થોડી ઠંડી પડે છે. આજે હવામાન ચોખ્ખું રહેવાની ધારણા છે. મધ્યપ્રદેશમાં પણ ટૂંક સમયમાં હવામાનમાં પલટો આવવાનો છે. ઉત્તર ભારતમાં હિમવર્ષા અને કોલ્ડવેવને કારણે ૧૫ નવેમ્બર પછી રાજ્યમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. આ સિવાય નવેમ્બરના અંતિમ સપ્તાહમાં ગ્વાલિયર અને ચંબલ ડિવિઝનમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે અને હળવો વરસાદ થઈ શકે છે.

# દીવની રેસ્ટોરન્ટમાં મહિલાના બાથરૂમમાંથી મોબાઈલ પકડાતા હંગામો



**મુખ્ય સમાચાર,દીવ**

દીવમાં ફ્લોટેલ લોર્ડસ રેસ્ટોરન્ટનાં મહિલા વોશરૂમમાંથી મોબાઈલ પકડાતા ભારે અફડા-તફડી મચી ગઈ હતી. આ મોબાઈલ વોશબેસીનનાં પાઈપ સાથે હતો જેમાં રેકોર્ડિંગ પણ ચાલુ હતુ. જેથી અહી જેટલા પણ પર્યટકો હતા તે ગુસ્સામાં આવી બબાલ કરી હતી. જો કે મોટી સંખ્યામા પોલીસ સ્ટાફ આવી જતા પર્યટકોને શાંત કરી બાદમા કેસ નોંધ્યો હતો.

બંદર ચોક જેટી પાસે દરિયામા ફ્લોટેલ લોર્ડસ રેસ્ટોરન્ટ છે. ગઈકાલે મોટી સંખ્યામાં પર્યટકો આ ક્રૂઝમા હતા. ગતરાત્રી દરમિયાન આ ઘટના બની હતી જેમા મહિલા વોશરૂમમાં વોશબેસીનના પાઈપ સાથે એક મોબાઈલ હતો. તેમા રેકોર્ડિંગ ચાલુ હતુ. પર્યટકોને આ માલૂમ પડતા પર્યટકોએ આરોપીને ઓળખી અને પોલીસ બોલાવી હતી. દીવ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ અને પર્યટકો વચ્ચે ખૂબ જ બબાલ થયા બાદ દીવ પોલીસે આરોપી પ્રતિક રમેશ આંજણીને પોલીસે સ્ટેશને લાવી ફરિયાદ નોંધી હતી. આ સમગ્ર ઘટનામાં પર્યટકો ખૂબ જ ગુસ્સે ભરાયા હતા. આ સમગ્ર કિસ્સો એક લાલબત્તી સમાન છે. દરેકને દરેક બાજુ સર્તક રહેવુ જરૂરી છે.

# જાફરાબાદના દરિયામાં માછીમારની તબિયત લથડી કોસ્ટગાર્ડ દ્વારા રેસ્કયુ ઓપરેશન







**મુખ્ય સમાચાર,અમરેલી**

અમરેલી જિલ્લાના દરિયામાં જઈ અને માછીમારી કરતાં માછીમાર ભાઈઓને દરિયાની વચ્ચે જ કોઈ વખત કોઈ કારણોસર તબિયત બગડે તો મધ્ય દરિયામાં સારવાર મળી શકે નહીં તેવી પરિસ્થિતમાં ક્યારેક માછીમાર ભાઈઓનો જીવ પણ જતો રહે છે ત્યારે ત્યારે આવો જ એક બનાવ બનતા ખારવા સમાજના પ્રમુખે કોસ્ટ ગાર્ડને જાણ કરતા પીપાવાવ પોર્ટ ના ઈંઈઋજ નું ૪૯૧ નામનું જહાજ માછીમારની વ્હારે દોડી ગયું હતું. અને માછીમારને પીપાવાવ પોર્ટ કિનારે લાવી વધુ સારવાર અર્થે રાજુલા ખસેડાયા હતાં.

જાફરાબાદના ધનલક્ષ્મી બોટમાં કામ કરતાં હરેશભાઈ બારૈયા નામનાં માછીમારની તબિયત જાફરાબાદના દરિયામાં ૩૭ નોટીકલ માઈલ દૂર બોટમાં માછીમારની તબિયત લથડી ગઈ હતી. ત્યારે મધ્ય દરિયામાં તેમને કોઈ સારવાર મળી શકે તેમ ના હોવાથી આ અંગે બોટમાં રહેલ અન્ય લોકોએ ખારવા સમાજના પ્રમુખ કનૈયાલાલ સોલંકીને જાણ કરતા સમાજના પ્રમુખે તુરંત જ કોસ્ટ ગાર્ડને જાણ કરતા આ માછીમારની મદદ માટે કોસ્ટ ગાર્ડ મધ્ય દરિયે પીપાવાવ પોર્ટના ઈંઈઋજ નું ૪૯૧ નામના જહાજ સાથે દોડી ગયું. અને કોસ્ટ ગાર્ડ દ્વારા કરાયું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવેલ હતું.

# ખાસ-ખબરના જાંબાજ રિપોર્ટર કૌશિક ગોંડલિયાનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખાસ ખબર ન્યૂઝ પેપરના રિપોર્ટર કૌશિક ગોંડલિયાનો આજે જન્મદિવસ છે. છેલ્લા ૬ વર્ષથી તેઓ મીડિયા ફિલ્ડ સાથે સંકળાયેલા છે. તેઓએ આજે તેમના યશસ્વી જીવનના ૨૯ વર્ષ પૂર્ણ કરી ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. કૌશિકે ભાવનગર યુનિવર્સિટીમાંથી PGDCAની ડિગ્રી હાંસલ કરી છે.

ખાસ-ખબર મીડિયા હાઉસમાં સોશિયલ મીડિયા અને મેનેજમેન્ટ સહિતની અલગ અલગ જવાબદારી સંભાળી રહ્યા છે. વાંચન, ક્રિકેટ અને હંમેશા જીવનમાં કંઈક નવું શીખવું અને સંશોધન કરવું તે તેમના શોખ રહ્યા છે. સતત ફિલ્ડમાં રહીને નાગરિકોના પ્રશ્નનોને હંમેશા વાચા આપી છે. તેમના સરળ સ્વભાવ વ્યક્તિત્વના લીધે તેઓ બહોળો મિત્ર વર્ગ ધરાવે છે. તેમના જન્મદિન નિમિત્તે મિત્ર વર્તુળ તરફથી મો.નં. ૮૪૬૯૯૧૪૧૨૩ ઉપર શુભેચ્છા મળી રહી છે.

# મોરબીના કોન્ટ્રાકટરે શેર બજારમાં કમાઈ લેવાની લાહયમાં રૂ. ૧૩.૭૫ લાખ ગુમાવ્યા

## એલિસ એપ્લીકેશનમાં લોગીન કરી યુવાને અલગ અલગ ખાતામાં રૂપીયા ટ્રાન્સફર કર્યા બાદ ગઠિયાઓએ ફોન બંધ કરી દીધા

**મુખ્ય સમાચાર,મોરબી**

શેર બજારમાં ઓનલાઈન રોકાણ કરાવી સારો નફો કમાવવાની લોભામણી લાલચને ભેજાબાજ શખ્સો દ્વારા અનેક લોકોને શીશમાં ઉતારવામાં આવે છે. આવી જ રીતે મોરબીમાં આવેલા ઉમા ટાઉનશિપમાં રહેતા યુવાનને શેર બજારમાં ઓનલાઈન રોકાણ કરીને સારો નફો કમાવી દેવાની લાલચ આપવામાં આવી હતી અને ત્યાર બાદ તેની પાસેથી ૧૩.૭૫ લાખ મેળવી લેવામાં આવ્યા હતા અને તે રકમ પાછી આપવામાં આવી ન હતી. જેથી કરીને યુવાને હાલમાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ચાર મોબાઈલ નંબર અને પાંચ બેંક એકાઉન્ટના ધારકોની સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબીમાં આવેલ ઉમા ટાઉનશીપમાં પરીશ્રમ એપાર્મેન્ટ બ્લોક ૨૦૨માં રહેતા અને લેબ કોન્ટ્રાકટનો ધંધો કરતાં શૈલેષભાઈ નારણભાઈ ઓધવીયા (૪૦)એ હાલમાં મોરબી એ-ડિવિઝન પોલીસ સ્ટેશને ૪ મોબાઈલ ધારકો તેમજ ઈન્ડુસન્ડ બેંકના ૩ એકાઉન્ટ ધારકો તથા પંજાબ નેશનલ બેંકના ૨ એકાઉન્ટ ધારકોની સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, તે મોરબીના સાવસર પ્લોટ વિસ્તારમાં ડોકટર મારવાણીયાની હોસ્પિટલ પાસે હતા. ત્યારે ગત તા. ૨૦/૨/૨૪થી ૬/૫/૨૪ સુધીના સમયગાળામાં આરોપીઓએ તેને શેર બજારમાં ઓનલાઈન રોકાણ કરાવી સારો નફો કમાવવાની લોભામણી લાલચ આપી હતી.



આમ યુવાનનો વિશ્વાસ કેળવીને ખોટુ નામ ધારણ કરી શેરબજારમાં રોકાણ કરવાના બહાને ફરિયાદી પાસેથી સમયાંતરે કુલ મળીને ૧૩.૭૫ લાખ રૂપિયા જુદા જુદા બેંક એકાઉન્ટમાં લઈ લીધા હતા અને તે રૂપિયા ફરિયાદીને પાછા આપવામાં આવ્યા ન હતા. જેથી કરીને યુવાન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવામાં આવી હતી. માટે તેણે હાલમાં મોરબી એ-ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આઈ.પી.સી.ની કલમ ૪૦૬, ૪૨૦ તથા આઈ.ટી. એક્ટની કલમ ૬૬(ડી) મુજબ ગુનો નોંધીને આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરી છે અને આ કેસની તપાસ મોરબી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ હકૂમતસિંહ જાડેજા ચલાવી રહ્યા છે.

# ગેંગરેપના આરોપીના ઘરેથી વીજ ચોરી ઝડપાઈ





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર સીટી-એ ડિવિઝન પોલીસ અને વીજકંપનીના અધિકારીઓ દ્વારા પંચેશ્વર ટાવર પાસેના ગેંગરેપના આરોપીના રહેણાંક મકાન પર ચેકિંગની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં વીજ મીટર વગર થાંભલેથી ડાયરેક્ટ લંગરીયા નાખી વીજચોરી કરતા હોવાનું માલુમ પડતા, તમામ મકાનના કનેકશન કાપી રૂ.૨.૫૦ લાખનો દંડ ફટકાર્યો હતો. વીજ કંપનીની ટીમે મોટી કાર્યવાહી કરી છે.જામનગર શહેરમાં સીટી એ ડિવિઝન વિસ્તારમાં છ દિવસ પહેલા સામૂહિક દુષ્કર્મની ઘટના બની હતી. આ ગેંગરેપ કેસના આરોપીઓને પોલીસે ઝડપી લીધા હતા. ત્યારબાદ સામૂહિક દુષ્કર્મના આરોપી હુસેન ઉર્ફે હુસેન વાઘેર ગુલમહંમદ ઈસ્માઈલ શેખ ઉ.૪૦ તેના જામનગરના અલગ અલગ રહેણાંક મકાનમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપીઓના કબજાના ભોગવટા વાળા અલગ અલગ મકાનોમાં પીજીવીસીએલનું મીટર લગાવેલ ન હોય અને પીજીવીસીએલના થાંભલામાંથી ડાયરેક્ટ કનેક્શન મેળવેલ છે. જે બાબતે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ આજરોજ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર નિકુંજ ચાવડા તથા સર્વલન્સની ટીમ તથા પીજીવીસીએલના અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા આરોપીના ઘાંચીની ખડકીએ આવેલ બે મકાનોમાં તેમજ સિલ્વર પાક સોસાયટી ખાતે આવેલ એક મકાન તેમજ પંચેશ્વર ટાવરપાસે આવેલ એક મકાનમાં ચેક કરતા તમામ મકાનોમાં પીજીવીસીએલનું મીટર લગાવેલ ન હોય અને થાંભલામાંથી ડાયરેક્ટ કનેક્શન મેળવેલનું સામે આવતા પીજીવીસીએલ કંપનીના અધિકારીઓએ કાયદેસરની કાર્યવાહી કરી તમામ ઘરના વીજ જોડાણને કાપી નાખવામાં આવેલ છે અને ૨.૫૦ લાખનો દંડ ફટકારી વજપુર વિરુદ્ધ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે. આ સમગ્ર કામગીરી સીટી એ પોલીશ તથા પીજીવીસીએલના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરની ૧૮૧અભયમ ટીમની સરાહનીય કામગીરી

## તેલાંગણાની મહિલાનો પરિવાર સાથે સંપર્ક કરાવી સખી વન સ્ટોપ સેન્ટરમાં સલામત આશરો આપ્યો




**મુખ્ય સમાચાર,જામનગર**

એક જાગૃત નાગરિક દ્વારા રાત્રી દરમિયાન ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર ફોન કરી જણાવવામાં આવ્યું હતું કે કોઈ અન્ય રાજ્યના મહિલા જામનગરમાં ભૂલા પડી ગયા છે અને તેમની સાથે લોકોએ વાતચીત કરતાં માત્ર તેમની પ્રાદેશિક ભાષા જ બોલે છે. આ અંગે ૧૮૧ અભયમની ટીમને જાણ થતા તુરંત જ ફરજ પરના કાઉન્સેલર શિલ્પાબેન રાઠોડ, મહીલા પોલીસ મમતાબેન આહુજા અને પાઈલોટ સુરજીતભાઈ વાઘેલા ઘટના સ્થળે દોડી ગયા હતાં.૧૮૧ની ટીમે મહિલા સાથે મુલાકાત કરી તેણીને સાંત્વના આપી વિશ્વાસ માં લઈ, મહિલાનું કાઉન્સેલિંગ કરતાં તેઓ માત્ર તેલુગુ ભાષા બોલતાં, થોડું લખતાં અને સમજતાં હોય તેમ જાણવા મળ્યું હતું. બાદમાં તેઓએ કાગળ પર લખ્યું અને અભયમની ટીમ દ્વારા તે શબ્દોનું ગૂગલમાં ભાષા ટ્રાન્સલેશન કરતાં મહિલાનું નામ મનીમાં રામલ્લુ દાંડુ અને તેલંગણા રાજ્યનાં ગામ કાકરલા પાડુંનાં વતની હોવાનું જાણવા મળ્યું હતું.ત્યારબાદ ધ્રોલ પોલીસ સ્ટેશનને આ અંગે જાણ કરવામાં આવતા પોલીસે તેલુગુ ભાષાનાં જાણકાર વ્યક્તિ સાથે મહિલાને વાતચીત કરાવતા જાણવા મળ્યું હતુ કે તેઓ તેમના એક જાણીતા વ્યક્તિ સાથે કામકાજ કરવાં અંહી આવેલ હોય અને તે વ્યક્તિ તેને છોડી જતા રહ્યા છે. જેથી મહીલા પાસે પૈસા કે ચોક્કસ સરનામું, પરિવારના સંપર્ક નંબર ન હોવાથી તે ભટકાતાં હતા. ત્યારબાદ તેલંગાણા ડીસ્ટ્રીક્ટ કન્ટ્રોલ ઓફિસનો સંપર્ક કરી તપાસ હાથ ધરતા જાણવા મળ્યું કે, મહિલાના પરિવારે આશરે દોઢ મહિના પહેલા ગુમનોંધ નોંધાવી છે. બાદમાં અભયમની ટીમ દ્વારા મહિલાના પરિવાર સાથે તેણીની ટેલિફોનીક વાતચીત કરતા પરિવારનો સંપર્ક થયો હતો. અને પરિવાર તેલંગાણાથી લેવા આવે ત્યાં સુધી સખી વન સ્ટોપ સેન્ટર પર મહિલાને સલામત રીતે આશરો આપવામાં આવ્યો છે.જામનગર અભયમ ૧૮૧ ની ટીમની જહેમત થકી મહિલાને તેનો પરિવાર મળતા આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબી પેરોલફર્લો સ્ક્વોડ ટીમની કાર્યવાહી, પ્રોહીબીશન ગુનામાં વોન્ટેડ બે આરોપીને દબોચી લેવાયા



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી પેરોલફર્લો સ્ક્વોડ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી લેવાની કાર્યવાહીમાં વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા સાતેક માસથી નાસતા ફરતા બે આરોપીઓને વાંકાનેર બાઉન્ડ્રી પાસેથી ઝડપી લેવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીએ જીલ્લામાં નાસતા ફરતા, પેરોલ જંપ, જેલ ફરારી આરોપીઓને પકડી પાડવા કડક સૂચના કરી હોય જે અનુસંધાને મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ કાર્યરત હોય તે દરમિયાન પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમના એએસઆઈ વિક્રમસિંહ બોરાણા તથા હેડ કોન્સ. ઈશ્વરભાઈ કલોતરાને ખાનગીરાહે હકિકત મળેલ કે, વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુનાના કામે નાસતા-ફરતા આરોપીઓ હેમંતભાઈ ગુલાબદાસભાઈ મૈસુર્યા, વિનિતભાઈ ભરતભાઈ મૈસુર્યા બંને હાલ મોરબી જીલ્લાના વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલ હોવાની ચોકકસ હકિકત મળતા જે હકિકત આધારે તપાસ કરતા ઉપરોકત છેલ્લા સાત માસથી નાસતા-ફરતા બન્ને આરોપીઓ હેમંતભાઈ ગુલાબદાસભાઈ મૈસુર્યા ઉવ.૪૪ તથા વિનિતભાઈ ભરતભાઈ મૈસુર્યા ઉવ.૨૨ બંને રહે.કંસારવાડ નાની દમણ હાઉસ નં.૧/૯૫ વોર્ડ નં-૧ મળી આવતા બન્ને આરોપીઓની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# મોરબીમાં પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલા ઈસમને પાસા હેઠળ જુનાગઢ જેલ હવાલે કરાયો



મોરબીના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ મોરબી ક્રાઈમ બ્રાન્ચે પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલા આરોપીને પાસા(પ્રિવેન્શન ઓફ એન્ટી-સોશિયલ એક્ટિવિટી) એક્ટ હેઠળ ડીટેઈન કરી જુનાગઢ જેલ હવાલે કર્યો છે. મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલ આરોપી રોહીતભાઈ કાંતીભાઈ સરવૈયા ઉવ.૨૩ રહે.સેન્ટમેરી સ્કૂલ નજીક નવલખી રોડ મોરબી-૨ વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ કે.બી. ઝવેરીને મોકલવામાં આવી હતી. મેજિસ્ટ્રેટ દ્વારા ઉપરોક્ત આરોપીનું પાસા વોરંટ ઈશ્યુ થયા બાદ આરોપીને પકડી લેવા મોરબી એલસીબી પોલીસે અલગ અલગ ટીમ બનાવી આરોપી રોહીતભાઈની અટકાયત કરી જુનાગઢ જેલ ખાતે મોકલી આપ્યો છે.

# મોરબીમાં ગેરકાયદેસર માટી ખનનનો પર્દાફાશ,ભુસ્તર વિભાગની ટીમે ત્રણ ડમ્પર સહિતના વાહનો સીઝ કર્યા



મોરબીના પંચાસર રોડ પર મયુર ડેરી સામેના ભાગે ગેરકાયદેસર રીતે સાદી માટીનું ખનન થતું હોવાનું ભુસ્તરશાસ્ત્રી વિભાગની ટીમને માહિતી મળી હતી. આ માહિતીના આધારે વિભાગની ટીમે આ સ્થળે આકસ્મિક તપાસ (રેડ) કરીને ગેરકાયદેસર માટી ખોદકામનો પર્દાફાશ કર્યો હતો. આ તપાસ દરમિયાન સાદી માટી ખોદકામ કરવા માટે હ્યુન્ડાઇ એક્સકેવેટર મશીન (મોડેલ છ-૨૧૦-૭, સીરિયલ નંબર ગ૬૦૧૦૦૪૩૭૪)નો ઉપયોગ થતો જોવા મળ્યો. તપાસમાં જાણવા મળ્યું કે આ મશીનના માલિક ધવલભાઈ વલ્લભભાઈ કાનાણી (રે. પંચાસર, તા. મોરબી) દ્વારા આ ગેરકાયદેસર ખનન કાર્ય કરતા હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત, ખોદકામની સાથોસાથ સાદી માટી ખનીજ ભરવા માટે આવેલ ત્રણ ડમ્પરો અનુક્રમે (૧)જીજે-૩૬-વી-૧૮૧૬, (૨)જીજે-૩૬-વી-૧૩૧૯, (૩)જીજે-૩૬-એક્સ-૭૨૧૬ અધિકારીઓએ આ ત્રણેય ડમ્પરોને સ્થળ પરથી જ પકડી સીઝ કરી અને મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ મૂકવામાં આવી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં શ્વાસની બીમારી સબબ ચાલુ સારવાર દરમિયાન યુવકે દમ તોડ્યો

વાંકાનેર તાલુકાના માટેલ રોડ ઉપર આવેલ સ્પોલો સીરામીકમાં રહેતા મૂળ મથુરાના વતની અભિષેકભાઈ મનોજભાઈ જૈન ઉવ.૨૮ને શ્વાસની બીમારીથી પીડાતા હતા, ત્યારે ગઈકાલ તા.૧૧/૧૧ ના રોજ અભિષેકભાઈને શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા હોય જેથી તેઓને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન અભિષેકભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, હાલ વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદ જીલ્લામાં જન આરોગ્યની નવી દિશા : ડ્રોન ટેકનોલોજી દ્વારા મચ્છર ઉત્પત્તિ શોધવા અને નાબૂદી કાર્યક્રમનો શુભ પ્રારંભ

(વંદના નીલકંઠ વાસુકીયા)

**મુખ્ય સમાચાર,વિરમગામ**

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ડ્રોન ટેકનોલોજી સર્વે તેમજ દવા છંટકાવ પ્રોજેક્ટનો પ્રારંભ જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે દ્વારા કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય વાહકજન્ય રોગોને નિયંત્રણ કરવા ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગની પહેલ આજના યુગમાં ડ્રોન દરેક ક્ષેત્રમાં પોતાની આગવી એપ્લિકેશન ધરાવે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે ભારતને ૨૦૩૦ સુધીમાં ડ્રોન હબ બનાવવું . સામાન્ય દિવસોમાં લીકેજથી સ્થિર ભરાયેલ પાણી મેલેરિયા, ફાઈલેરિયા, ડેન્ગ્યુ પરોપજીવીના વિકાસમાં મદદ કરે છે. તેમજ ચોમાસા બાદ સાનુકૂળ પાણીથી ભરાયેલ સ્થળો મચ્છરજન્ય રોગોને પ્રોત્સાહન આપે છે. તેના નિયંત્રણ માટે મચ્છરને લારવા અવસ્થામાં નાબૂદ કરીને તેમના પ્રજનન ચક્રને તોડવું ખૂબ જ જરૂરી છે. ૩૦ થી ૩૫ ટકા વિસ્તાર જેમાં તળાવ, મોટા ખાડાઓ, કચરાનું ડમ્પિંગ, સાઈડ રોડની ઓફસાઈડિંગ, ખુલ્લી ટાંકીઓ અને ખુલ્લા પાત્રો વગેરે એવા સ્થળો છે જેને ગ્રાઉન્ડ ટીમ દ્વારા શોધવા કે ત્યાં આગળ લારવા સાઈડ સ્પ્રે કરવો સંભવ હોતું નથી. આ સમસ્યાના સમાધાન માટે અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા વાહક જન્ય મચ્છર જન્ય રોગોને કંટ્રોલ કરવા માટે એઆઈ / એમએલ આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી મચ્છર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મચ્છરજન્ય રોગને કંટ્રોલ કરવાની કામગીરીનું કોઈ ઓનલાઈન મોનિટરની સુવિધા નથી. તેથી આરોગ્ય વિભાગ દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો જેમાં વિસ્તારનો ડ્રોનથી સર્વે કરી સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળની વિગતવાર માહિતી એરીયલ ફોટોગ્રાફ, લેટીટ્યુડ-લોજીટયુડ સાથે ગુગલ મેપ પર ઓનલાઈન ઉપલબ્ધ થશે. જેના આધારે મળેલ સાઈટ પર કરવાની થતી કામગીરી જેવીકે સાઈટ ની સફાઈ ખુલ્લા પાત્રોનું



નિકાલ અથવા લારવી સાઈડનો છંટકાવ કરવાનું નિશ્ચિત કરી ગ્રાઉન્ડ ટીમ અને ડ્રોન ટીમને ઓટોમેટિક અસાઈન થઈ જશે અને તેઓ દ્વારા કરેલી કામગીરી ઓનલાઈન પ્લેટફોર્મ પર લાઈવ મોનિટર કરી શકાશે જે ડિપાર્ટમેન્ટ માટે ખૂબ જ સહાયરૂપ છે. જ્યાં ગ્રાઉન્ડ ટીમ દ્વારા છંટકાવ શક્ય ન હોય ત્યાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. ડ્રોન ટેક્નોલોજી દ્વારા મચ્છર ઉત્પત્તિ કેન્દ્ર શોધવા અને નાબૂદીના શુભારંભ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા પંચાયત પ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન, આરોગ્ય સમિતિના ચેરમેન, તાલુકા પંચાયત પ્રમુખ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા મલેરિયા અધિકારી જણાવે છે કે ઔદ્યોગિક એકમો અને રહેણાંક વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ સ્થળની સફાઈના સૂચનો આપ્યા બાદ પણ જો જરૂરી કામગીરી કરવામાં નહીં આવે તો એપિડેમિક એક્ટ મુજબ સરકારના ધારણ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ જાહેર આરોગ્ય અને સુરક્ષા માટેના પ્રયાસોમાં એક નવીન પહેલ છે. આ પહેલ મચ્છરના બ્રીડિંગ સ્થળોની ઝડપી ઓળખ અને નિકાલ કરવામાં આ મોડલ અન્ય જિલ્લા પંચાયતો માટે પણ પ્રેરણારૂપ બનશે.

# રામાયણના પ્રસંગોને ઉજાગર કરતી રંગોળી એ જમાવ્યું આકર્ષણ





દિવાળીના દિવસો દરમિયાન ઠેર ઠેર રંગોળી સ્પર્ધા યોજાઈ હતી અનેક મનમોહક રંગોળીએ લોકોના દિલ જીતી લીધા હતા રાજકોટના વતની વિધિબેન મારવાડી, ભારતીબેન ગોઢાણીયા તેમજ શ્રેયાબેન મારવાડીએ રામાયણના સુંદર પ્રસંગોને અંકિત કરી તેમાં આકર્ષક રંગો વડે રંગોળી કરી હતી ઉપરોક્ત તસવીરમાં આ રંગોળી દ્રશ્યમાન થાય છે

# ગોંડલમાં જયરાજસિંહ પરિવાર દ્વારા ઠાકોરજી વિવાહનો અલૌકીક અવસર

**મુખ્ય સમાચાર,ગોંડલ**

ગોંડલ ખાતે ધારાસભ્ય ગીતાબા તથા પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, જયોતીરાદીત્યસિંહ જાડેજા પરિવાર દ્વારા ભવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ અલૌકીક અવસરને લઈને તડામાર તૈયારી કરવામાં આવી છે.

આજે ૧૨ નવેમ્બરે મંગળવારના યોજાનાર તુલસી વિવાહના કાર્યક્રમને લઈને ગોંડલ આશાપુરા રોડ પર આવેલા ધારાસભ્યના નિવાસસ્થાનેથી લઈ કોલેજ ચોક, સંગ્રામસિંહજી હાઈસ્કુલ સુધીના સમગ્ર વિસ્તારને શણગારવામાં આવ્યો છે.

૧૨ નવેમ્બરના દિવસે તુલસી વિવાહના કાર્યક્રમને લઈને ધારાસભ્ય ગીતાબા, પુર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, જયોતીરાદીત્યસિંહ જાડેજા, નાગરીક બેંકના ચેરમેન અશોકભાઈ પીપળીયા, ઉપેન્દ્રસિંહ ચુડાસમા, સમીર કોટડીયા સહિતના ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા કાર્યક્રમ સ્થળની સમીક્ષા કરવામાં આવી હતી.

અક્ષરધામ સોસાયટી સ્થિત ધારાસભ્યના નિવાસસ્થાન નગીતાવીલાથ ખાતે તુલસી વિવાહના કાર્યક્રમ સંપન્ન થશે. ત્યારબાદ રીવર સાઈડ પેલેસ ખાતે ભોજન સમારોહ અને રાત્રે કોલેજ ચોક સંગ્રામસિંહજી હાઈસ્કુલના મેદાનમાં લોકડાયરાનું ભવ્ય આયોજન કરાયું છે.

લોકડાયરામાં કીર્તિદાન ગઢવી, કિંજલ દવે, બિરજુભાઈ બારોટ, દેવાયતભાઈ ખવડ, ધીરુભાઈ સરવૈયા અને જીતુદાન ગઢવી સહિતના કલાકારો પોતાની વાણી પીરસશે. આ તુલસી વિવાહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડલીયા, રાજયનાં ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી, કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ભાનુબેન બાબરીયા, રાઘવજીભાઈ પટેલ, પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાત સરકારનાં ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, પુનમબેન માડમ, રામભાઈ મોકરીયા સહિતનાઓ ઉપસ્થિત રહેશે.

આ તકે પત્રકાર પરિષદમાં ગોંડલના ધારાસભ્યના પુત્ર જયોતીરાદીત્યસિંહ જાડેજા (ગણેશભાઈ)એ જણાવ્યું હતું કે, ગોંડલના આંગણે આ રૂડા અવસરમાં ગોંડલ શહેર તેમજ આસપાસના ગામોના તમામ સરપંચો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેશે.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

પ્રસંગે તા.૧૨ સાંજે ચાર કલાકે વાછરા ગામ થી શાલીગ્રામ ભગવાન ની જાન નું આગમન થશે જે કોલેજચોક થી શણગારેલા હાથી, ઘોડા, ઉંટ, બગી, રથ, ભજન તથા રાસ મંડળીઓ અને હજારો લોકોની હાજરી સાથે જાન આશાપુરા રોડ, અક્ષરધામ સોસાયટી સ્થિત ધારાસભ્યના નિવાસસ્થાન પગીતાવીલાથ ખાતે પહોચશે. જયાં સાંજે ૬.૩૦ કલાકે હસ્તમેળાપ સાથે શાલીગ્રામ ભગવાન અને ભગવતી તુલશીમાતા નો વિવાહ ધામધૂમપૂર્વક સંપ્પન થશે તુલશીમાતાના માવતર ધારાસભ્ય નાં પુત્ર જયોતિરાદિત્યસિંહ (ગણેશભાઈ) તથા તેમના ધર્મપત્ની રાજલક્ષ્મીબા બન્યાં છે.

## આજે તુલસી વિવાહ : રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં ધામધૂમથી ઉજવાશે : શેરડીના સાઠાનું ધૂમ વેચાણ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે દેવદિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સાંજે ફટાકડાની આતશબાજી થશે. અને તુલસી વિવાહ પ્રસંગોની પણ અનેક જગ્યાએ ઉજવણી થશે.રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે દેવદિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સાંજે ફટાકડાની આતશબાજી થશે. અને તુલસી વિવાહ પ્રસંગોની પણ અનેક જગ્યાએ ઉજવણી થશે. આજના પવિત્ર દિવસે ભગવાન શાલીગ્રામ ના લગ્ન તુલસીજી સાથે થશે આજના દિવસને લઈ શેરડીના સાઠાનું અનેરૂ મહત્વ હોય રાજકોટ સમગ્ર સૌરાષ્ટ્રમાં શેરડીના સાઠા સહિત ચુંદડી મૂળિયા અને પૂજન સામગ્રીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે ૧૦% જેવો વધારો નોંધાયો છે તેમ છતાં ભાવિકો હોશે હોશે શેરડીના સાઠા ની ખરીદી કરી રહ્યા છે.

## મહિલાને મચ્છુ નદીમાંથી બહાર કાઢતી ૧૮૧ની ટીમ

### બે દિવસથી નદી વચ્ચે બેઠેલ મહિલાને ૧૮૧ અભયમ ટીમે સુરક્ષિત બહાર લાવી સારવાર અર્થે હોસ્પીટલ ખસેડાઇ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એક ત્રાહિત વ્યક્તિ નો કોલ આવેલ જેમાં ત્રાહિત વ્યક્તિ એ જણાવેલ એક બહેન સવાર ના મચ્છુ નદી ની વચો વચ બેઠેલા છે જેથી બહેન ની મદદ માટે ૧૮૧ પર કોલ કરી ને મદદ માગેલ...

ત્રાહિત વ્યક્તિ નો કોલ આવતા ની સાથે ૧૮૧ ટીમ ,કાઉન્સિલર બીના ગોહિલ,હેડ કોન્સ્ટેબલ દક્ષા બેન , પાયલોટ જીગર ભાઈ, બહેન ની મદદ માટે રવા ના થયેલ જેમાં સ્થળ પર પહોંચી ત્રાહિત વ્યક્તિ સાથે ચર્ચા કરતા જાણવા મળેલ કે બહેન સવાર ના મચ્છુ નદી ની વચ્ચે બેઠા છે જેમાં આવવા જવાનો રસ્તો નથી બહેન પાસે જવા માટે પાણી ની અંદર થી જવું પડશે ત્યારબાદ આસપાસ લોકો સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે આ બહેન કાલે પણ અહીંયા જ હતા,જેથી ૧૮૧ ટીમ એ કઈ બાજુ થી બહેન ની મદદે પહોંચી શકાય એ માટે રસ્તો શોધવા નો પ્રયત્ન કરેલ.બહેન ની મદદ માટે મોરબી ફાયર બ્રિગેડ ટીમ ને જાણ કરેલ ,એ ડિવિઝન પોલીસ સ્ટેશન પર જાણ કરેલ ,બી ડિવિઝન પોલીસ સ્ટેશન પર જાણ કરેલ,જેમાં ઈલેક્ટ્રિક સ્મશાન પાસે થી બહેન સરખા જોવા મળતા હોવાથી ત્યાં ગયેલ અને બહેન સાથે વાત કરવા નો પ્રયત્ન કરેલ જેમાં બહેન એ ઈશારો તેમના પગ સામે કરેલ જેથી જાણવા મળેલ બહેન સરખા ચાલી સકે તેમ નથી જેમાં બહેન ની મદદ માટે રસ્તો મળેલ હોવા થી ૧૮૧ ટીમ તથા ફાયર બ્રિગેડ ટીમ બહેન ની મદદ માટે ઘૂંટણ સુધી પાણી માં મોડી સાંજે અંધારામા બહેન પાસે પહોંચી ને બહેન નું



કાઉન્સિલગ કરી તેમની સમસ્યા જાણવા નો પ્રયત્ન કરેલ જેમાં મહિલા બે દિવસથી બેઠેલ હોય અને બહેન ની ઉંમર અંદાજિત ૫૫ વર્ષ હોય તેમજ મહિલાએ જણાવેલ તેમણે બે દિવસથી કઈ ખાધું પીધું નથી , હાલ તેમણે જીવવાની ઈચ્છા નથી શું કરવું એ સમજાતું ન હોવાથી બે દિવસ થયા નદી ની વચ્ચે બેઠા છે.ખાધા પીધા વગર ના શારીરિક અને માનસિક અસ્વસ્થ જણાતા ફાયર બ્રિગેડ ટીમ ની મદદ થી બહેન ને સ્ટ્રેચરમા સુવડાવી ઘૂંટણ સુધી પાણી માં થી સુરક્ષિત રીતે સામે કાઠે લઈ ગયેલ બહેન અશક્ત જણાતા બહેન ને સારવાર મળી રહે તે માટે બહેન ની મદદ માટે ૧૦૮ ઈમરજન્સી સારવાર પર કોલ કરેલ અને બહેન ને સારવાર અર્થે ૧૦૮ મા બેસાડેલા અને બહેન ના દીકરા નો સંપર્ક કરી બહેન ના દીકરા ને બનાવની જાણ કરી અને ચર્ચા દરમ્યાન મહિલાના દીકરાએ જણાવેલ કે તેઓના માતા થોડા માનસિક અસ્વસ્થ હોવાથી અવર નવર ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી જાય છે ત્યારબાદ તેમના દીકરાને મોરબી સિવિલ હોસ્પિટલ એ પહોંચવા સૂચન કરેલ...

આમ ૧૮૧ ટીમ એન્ડ મોરબી ફાયર બ્રિગેડ ટીમ એ બહેન ને સુરક્ષિત રીતે રેસ્ક્યું કરેલ...

# ઘરે ઘરે કચરાના એકત્રીકરણ માટે મનપાના ઈતિહાસનું સૌથી મોટું ૧૦૦૦ કરોડનું ટેન્ડર

### સ્ટે.કમીટીમાં બેઠકમાં ૯૭.૭ કરોડના વિકાસ કામોને લીલી ઝંડીઃ હોકર્સ ઝોન માટે નવો સૂચવેલ સફાઈ ચાર્જ ૫૦૦ મંજૂર રાખેલ છે. જ્યારે ભાડા પેટે હાલના દર ૫૦૦ યથાવત રાખેલઃ આજે મુકાયેલી તમામ દરખાસ્ત મંજૂર કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે.કમીટીની મીટીંગ આજે ચેરમેન જયમીન ઠાકરે બોલાવી હતી. મહાનગરમાં વર્ષોથી કોર્પો. દ્વારા ગોઠવવામાં આવેલી છતાં સ્વચ્છ નગર અભિયાન માટે સંપૂર્ણ સફળ સાબિત નહીં થયેલી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ઓપરેશન તથા મેન્ટેનન્સ, ૧૫૦ ટીપીડીનો એમઆરએફ પ્લાન્ટ બનાવવા સહિતની કામગીરીનો દસ વર્ષનો અત્યાર સુધીનો સૌથી મોટો કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત આવી હતી. સ્ટે.કમીટીમાં બેઠકમાં ૯૭.૭ કરોડના વિકાસ કામોને લીલી ઝંડીઃ

મહાપાલિકાને હાલ વર્ષોથી ઘરે ઘરે કચરા એકત્રીકરણ પાછળ વર્ષે પર કરોડથી વધુનો ખર્ચ થાય છે. કેન્દ્ર સરકારના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૦૧૯ હેઠળ ગાર્બેજ સેગ્રીગેશનના સોલ્યુશન માટે રાજય સરકારે કુલ ચાર ભાગમાં કચરાના સેગ્રીગેશનની નીતિ અપનાવી છે.

જે ગાઈડલાઈન હેઠળ અમદાવાદ, સુરત, વડોદરા, જામનગરમાં કંપની મારફત ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન સહિતની કામગીરીના કોન્ટ્રાકટ અપાયા હોય, અમદાવાદના ટેન્ડરની કોપી કરીને રાજકોટમાં લાગુ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે.

હાલ મનપા વર્ષે કચરા એકત્રીકરણ સહિતની લોકોને સીધી લાગુ પડતી ફિલ્ડ કામગીરી પાછળ બાવન કરોડ જેટલો ખર્ચ કરે છે. તેમાં હવે કંપની પોતાના ટીપરવાન સહિતની વ્યવસ્થા પોતાના ખર્ચે મૂકે તે સાથે મનપાને પ્રથમ વર્ષથી વાર્ષિક ૯૬ કરોડથી માંડી ૧૦૦ કરોડનો ખર્ચ આવશે. એટલે કે આ પુરૂ ટેન્ડર એકાદ હજાર કરોડનું થવાનું છે.

નસ્રઆજે આ સૌથી મોટી અને મહત્વની દરખાસ્ત અંગે માહિતી આપતા ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું કે ઘરે ઘરે કચરા એકત્રીકરણ અને તે સાથે સેગ્રીગેશન (ચાર પ્રકારનું વર્ગીકરણ) માટે આ એક સોલ્યુશન ભારત સરકારે શોધેલું છે. રાજય સરકાર આ રૂલ્સનો તમામ કોર્પો. વિસ્તારમાં અમલ કરાવી રહી હોય અન્ય કોર્પો.ની જેમ રાજકોટ મનપાએ પણ અમદાવાદની ટેન્ડર પ્રક્રિયા અપનાવી છે. રાજકોટમાં આ કામ માટેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં ઈસ્ટ અને વેસ્ટ ઝોનના ૬-૬ વોર્ડનું કામ વેસ્ટર્ન ઈમેજનરી ટ્રાન્સકોન પ્રા.લી. અને સેન્ટ્રલ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ઝોનમાં ઓમ સ્વચ્છતા કોર્પો.ને કામ આપવા કમિશ્નરે પ્રસ્તાવ મોકલ્યો છે. આ દરખાસ્ત મંજૂર કરવામાં આવે તે બાદ ત્રણ મહિના સુધી કંપની રાજકોટ મનપાની સંપૂર્ણ હાલની વ્યવસ્થા અને છ લાખથી વધુ મિલ્કતો કે જયાંથી દરરોજ કચરો એકત્ર કરી વર્ગીકૃત અને પ્રોસેસ કરવામાં આવે છે તેનો પોતાના નિષ્ણાંત સ્ટાફ દ્વારા સર્વે રીપોર્ટ તૈયાર કરાવશે. લોકોને સેગ્રીગેશન માટે માર્ગદર્શન આપવામાં આવશે.

સૌથી મહત્વની વાતમાં રાજકોટના તમામ ન્યુસન્સ પોઈન્ટ સાફ કરવાની જવાબદારી કંપની લેશે. દિવસમાં બે વખત કંપનીના કામદારો આવી જગ્યાઓ સાફ કરશે અને બાદમાં કાયમી ધોરણે આવી ગંદકીવાળા ભાગ સ્વચ્છ થાય તે કામ કરાવશે. રાજકોટમાંથી રોજ ૭૦૦ ટન જેટલો કચરો નીકળે છે. જેમાં ૪૦ ટકા કચરાનું પ્રોસેસ તેમના કેન્દ્ર પર થવાનું હોય, ગાર્બેજના ફેરા પણ ઘટવાના છે. શહેરના વોર્ડ નં.૧૧માં નવા ૧૫૦ ફુટ રીંગ રોડ, ટીપી સ્કીમ નં. ૨૮માં ૨૩.૨૪ કરોડના ખર્ચે નવું ફાયર સ્ટેશન બનાવવા અંતે સ્થાયી સમિતિમાં દરખાસ્ત આવી છે. પશ્ચિમ રાજકોટના નવા વિસ્તારો માટે હવે ફાયર સ્ટેશનની જરૂર હોય, સ્ટેશન સાથે ઓફિસ, થ્રી અને ટુ બીએચકેના સ્ટાફ કવાર્ટર સહિત ૩૩૮૬ ચો.મી.માં ફાયર સ્ટેશન બનાવવા ૨૦.૪૫ કરોડના ટેન્ડર બહાર પડાયા હતા.

## રાજકોટ માર્કેટયાર્ડ ખાતે મગફળી અને સોયાબીન ભરેલા વાહનોની ૮ કિલોમીટર લાંબી લાઈન લાગી


(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે રાજકોટ માર્કેટિંગ યાર્ડ મા વાહનો ની આવક સવારે થી ચાલુ થય ગય હતી જેમાં મગફળી તથા સોયાબીન ના ભરેલા વાહનોની ૮ કિલોમીટર સુધીની લાઈન થઈ હતી. અંદાજે ૭૦૦ થી વધુ વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી મગફળી તથા સોયાબીન ની ઉતરાઈ કરાવવામાં આવી હતી.જેમાં મગફળી ગુણી ની આવક ૧૧૦૦૦૦ તથા કપાસ ની આવક ૧૫૦૦૦ મણ તથા સોયાબીન ૪૦૦૦૦ મણ હતી રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, ડીરેક્ટરઓ તેમજ સ્ટાફ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## વીજ કોન્ટ્રાક્ટરોની હડતાળ:લાઈનકામ, લોડિંગ-અનલોડિંગની કામગીરી ઠપ થઈ

- અન્ય વીજકંપનીની સરખામણીએ PGVCLના ભાવ ઓછા મુદ્દે રજૂઆત




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કચ્છ-સૌરાષ્ટ્ર પીજીવીસીએલ કોન્ટ્રાક્ટર એસોસિએશનના આશરે ૪૦૦થી વધુ કોન્ટ્રાક્ટરે સોમવારે બપોરે પીજીવીસીએલની કોર્પોરેટ ઓફિસે એકઠા થઈને ભાવવધારા મુદ્દે એમ.ડી.ને રજૂઆત કરી હતી, પરંતુ તે રજૂઆત અંગે પીજીવીસીએલના એમ.ડી.એ ભાવવધારાની સત્તા બોર્ડને હોવાથી બોર્ડમાં આ બાબત મુક્યા બાદ નિર્ણય લઈ શકાશે તેવું જણાવતા કોન્ટ્રાક્ટરોએ સોમવારે સાંજથી જ હડતાળ પાડી દીધી હતી. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના કોન્ટ્રાક્ટરો એકાએક હડતાળ ઉપર ઉતરી જતા પીજીવીસીએલના મેન્ટેનન્સ, લાઈનકામ, ફેબ્રિકેશન, લોડિંગ-અનલોડિંગની કામગીરી ઠપ થઈ ગઈ છે. કોન્ટ્રાક્ટરોની રજૂઆતને પગલે દિવાળી પહેલાં જ અમે પીજીવીસીએલના નિયમો છે તેના આધારે ૧૧% જેટલો ભાવવધારો અપાયો હતો. હજુ વધારો આપવા માટે પણ પીજીવીસીએલ હકારાત્મક અભિગમ દાખવે છે, પરંતુ વધુ ભાવવધારો આપવાની સત્તા બોર્ડને છે. પ્રીતિ શર્મા, એમ.ડી, પીજીવીસીએલ તમામ નિયમો તથા પોલિસી એકસમાન હોવી જોઈએ. હાલમાં બે ડિસ્કોમ એમ.જી.વી.સી.એલ. અને પી.જી.વી.સી.એલ.માં આપવામાં આવતા ભાવો પૈકી એમ.જી.વી.સી.એલ. કરતાં પી.જી.વી.સી.એલ.ને ૪૦ ટકા ઓછા ભાવ આપવામાં આવે છે. ગોપાલભાઈ માતા, પ્રમુખ, કચ્છ-સૌરાષ્ટ્ર કોન્ટ્રાક્ટર એસોસિએશન. દરમિયાન એમ. ડી. ને આવેદન અપાયું ત્યારે મેડમ પ્રિતી શર્માએ જણાવેલ કે, દિવાળી પહેલા જ અમે નિયમો મુજબ ૧૧ ટકાનો ભાવ વધારો આપ્યો છે, હજુ વધારા માટે અમે હકારાત્મક છીએ, પરંતુ વધુ ભાવ વધારો આપવાની સત્તા બોર્ડને છે, પરિણામે આંદોલન હવે બેમુદતી હડતાલમાં પરિવર્તિત થયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વિદેશી દારૂનું વેચાણ કરતો બુટલેગર અને કુબલીયાપરાના નામચીન શખ્સ પાસામાં ધકેલાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના નહેરુ નગર નો નામચીન બુટલેગર અને કુબલીયાપરામાં અનેકવાર મારામારીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા બે નામચીન શખ્સોને પોલીસે પાસા માં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ બે પોલીસના પીઆઇ એમજી વસાવા ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ તથા કોન્સ્ટેબલ વનરાજભાઈ સહિતના સ્ટાફે અગાઉ અને એકવાર વિદેશી દારૂના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન બુટલેગર રિઝવાન ઉર્ફે શાહરૂખ શાહબુદ્દીન બેલીમ નામના શખ્સને અટકાયતમાં લઈ તેની સામે પાસાની કાર્યવાહી કરવામાં આવી હતી જ્યારે અન્ય





બનાવમાં થોરાળા પોલીસના પીઆઇ જી એન વાઘેલા ની સૂચનાથી અગાઉ મારામારી ના ગુનામાં અનેકવાર પોલીસ ચોપડે ચડી ચૂકેલો કુબલીયાપરાનો વિજય રાજેશ ઉર્ફે રૂડી પરમાર નામના નામચીન શખ્સને અટકાયતમાં લઈ તેના પાસા ના કાગડો તૈયાર કરી ઉચ્ચ અધિકારીઓને મોકલાવવામાં આવતા પીસીબી દ્વારા તેની પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલાવી હતી જેના પર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર જા યે મહોર લગાવી દેતા બુટલેગર રિઝવાન ઉર્ફે શાહરૂખ અને નામચીન વિજય ઉર્ફે રૂડી પરમાર ને પાસા માં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

# પ્રેમીએ ઘેની પ્રવાહી પિવડાવી યુવતિ પર આચર્યું દુષ્કર્મ: નગ્ન વિડિયો ઉતાર્યો

## લગ્નબાદ પતિને ધમકી આપી શારીરિક સંબંધ રાખવા દબાણ કરતા યુવતિએ કર્યો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીને મેટોડામાં રહેતા તેના ધરાર પ્રેમીએ કોલ્ડ્રીકસમાં ઘેની પ્રવાહી ભેળવી બેભાન કરી તેના પર બોલેરો કારમાં દુષ્કર્મ આચરી તેનો વીડિયો ઉતારી લીધો હતો.બાદમાં આ વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી અવારનવાર તેના પર દુષ્કર્મ આચયુ હતું.ઉપરાંત યુવતીના લગ્ન હતા ત્યારે પણ તેના ઘરે જઈ આ નરાધમે દુષ્કર્મ ગુજાર્યુ હતું. હેવાનિયતથી કંટાળી જઈ યુવતીએ માવતરના ઘરે અગાશી પરથી છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ પણ કર્યો હતો.બાદમાં તેણે આ અંગે મેટોડા વિરમ સાનીયા નામના શખસ સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે મેટોડામાં રહેતા અને અહીં મેટોડામાં જ જેસીબી ભાડે આપવાની ઓફિસ ધરાવનાર વિરમ નાગજીભાઈ સાનિયાનું નામઆપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૧માં તે તથા તેનો પરિવાર મામાની દીકરીના લગ્ન હોવાથી ધ્રોલ પંથકમાં આવેલા ગામે મામાના ઘરે ગયા હતા. ત્યાં આરોપી વિરમ સાનિયા સાથે મુલાકાત થઈ હતી બાદ પરિવાર રાજકોટ પરત આવી જતા વીરમે યુવતીને ફેસબુક પર રિકવેસ્ટ મોકલી હતી. જે રિકવેસ્ટ યુવતીએ સ્વીકારી હતી બાદમાં બંને વાતચીત કરતા હતા અને મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી. બે વર્ષ પૂર્વે વિરમે વોટસઅપ કોલમાં વાત કરી રાજકોટ મળવા માટે આવ્યો હતો. અને યુવતીને બોલેરો ગાડીમાં બેસાડી કષ્ટભંજન સોસાયટી પાસેના ખૂણા નજીક ગાડી ઉભી રાખી બંને વાતચીત કરતા હતા. તેવામાં વિરમે યુવતીને કોલ્ડ્રીકસમાં કોઈ નશાકારક પદાર્થ પીવડાવી બેભાન કરી શારીરિક સંબંધ બાંધ્યો છે. બાદમાં યુવતી ઘરે જતા વિરમે ફરીથી વોટસએપ કોલ કર્યો હતો અને કહ્યું હતું કે, મેં તારો વિડીયો ઉતારી લીધો છે જો તું તારા ઘરના સભ્યોને વાત કરીશ તો હું આ વિડીયો વાયરલ કરી તને બદનામ કરી નાખીશ તેવી ધમકી આપી હતી.

પાંચેક મહિના પૂર્વે વિરમ રાજકોટ આવ્યો હતો અને બોલેરો ગાડીમાં બજરંગવાડી પાસે આવેલી ગોલ્ડન હોટલમાં યુવતીને લઈ જઈ દુષ્કર્મમાં આચયુ હતું. ત્યારબાદ જામનગર રોડ પર પીપળીયાના પાટિયાથી બેસાડી મેટોડા ખાતે આવેલી તેની ઓફિસે લઈ ગયો હતો અને અહીં ઓફિસમાં તેની સાથે દુષ્કર્મ આચયુ હતું, યુવતી તેના મામાના ગામે ચાર પાંચ દિવસ રોકાઈ હોય તે દરમિયાન યુવતી પર દુષ્કર્મ આચરી તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કર્યુ હતું. ગત તારીખ ૨૮-૦૪ ના યુવતીના તથા તેના ભાઈના લગ્ન હોય યુવતીના ભાઈની જાન ગઈ હતી તે સમયે યુવતી ઘરે એકલી હતી ત્યારે લગ્ન તોડાવી નાખવાની અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ ગુજાર્યુ હતું.

ઓગસ્ટ ૨૦૨૪ માં શ્રાવણ માસ દરમિયાન યુવતી પિયરમાં આવી હતી. ત્યારે વિરમનો ફરી કોલ આવ્યો હતો અને તે ત્રિકોણબાગ પાસે યુવતીને બોલાવી અહીં બસ સ્ટેન્ડ પાસેની હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચયુ હતું. દરમિયાન યુવતીને તેના પતિ સાસરીયે પરત તેડી જતા



વિરમનો અવારનવાર કોલ આવતો હોય પતિને આ બાબતની જાણ થઈ જતા તેણે વિરમને હેરાન નહીં કરવાનું કહેતા વીરમે યુવતીના પતિને પણ ધમકી આપી હતી. વિરમના ત્રાસથી કંટાળી ગયેલી યુવતીએ ગત તારીખ ૧૩-૯ ના સ ઘરની અગાસી પરથી છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં તેને ઈજાઓ પહોંચી હતી બાદમાં પરિવારજનોએ આ બાબતે પૂછતા તેણે પોતાના સાથે બનેલી આપવીતી જણાવતા ગાંધીગ્રામ પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો.

# ક્રિસ્ટલ મોલ પાસે વહેલી સવારે કાર અનેક ગોથા ખાઈ ગઈ

## રસ્તા પર બીજા વાહનો, રાહદારીઓ ન હોઈ મોટી દૂર્ઘટના અટકી : સગીર ચાલકનો ચમત્કારીક બચાવ: ડિવાઈડરમાં અથડાયા બાદ ટાયર ફાટી જતા ઘટના બની

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં અવાર-નવાર બેકાબુ વાહનચાલકો અકસ્માત સર્જતા હોય છે. થોડા દિવસો પહેલા કાર ગોથા મારી ગયાની ઉપરા ઉપર બે ઘટનાઓ બની હતી. જો કે તેમાં કોઇને ઈજા થઇ નહોતી. આજે વહેલી પરોઢે વધુ એક વખત આવી ઘટના બની હતી. જેમાં કાલાવડ રોડ ક્રિસ્ટલ મોલ નજીક એક કાર ડિવાઈડર સાથે અથડાયા બાદ ગોથા મારી જતાં ફિલ્મી સ્ટંટ જેવા દ્રશ્યો સર્જાયા હતાં. લોકોના કહેવા મુજબ કાર ડિવાઈડરમાં અથડાયા બાદ ટાયર ફાટી જતાં આઠેક ફૂટ ફૂટબોલની જેમ ઉંચે ઉછળીને ફેંકાઇ ગઇ હતી. આ કારણે આઈ-૧૦ કાર જીજે૦૩એલઆર-૩૦૧૭નો બૂકડો બોલી ગયો હતો. જો કે ચાલકનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. પોલીસ પણ પહોંચી હતી. વહેલી પરોઢે વાહનોની અવર-જવર ઓછી હોવાથી અને



રાહદારીઓ કે નાના વાહનચાલકો પણ રોડ પર ન હોઇ મોટી દૂર્ઘટના સર્જાતા અટકી હતી. કારની હાલત જોતાં તે ટોટલ લોસ થઇ ગયાનું જણાતું હતું. બનાવની જાણ થતાં તાલુકા પોલીસની ટીમે તપાસ કરી હતી. ચાલક સગીર વયનો હોવાનું જણાવાયું હતું. જો કે આ મામલે ચાલકના ફઇએ પોતાને કોઇ પોલીસ કાર્યવાહી કરવી ન હોવાની નોંધ કરાવી હતી. તપાસમાં ખુલ્યું હતું કે ટાયર ડિવાઇડરમાં ઘસાવાને કારણે ફાટી ગયું હતું અને એ પછી કાર ઉછળીને દૂર ફંગોળાઇ ગઇ હતી. ચાલક વહેલી સવારે કોઇ કામ માટે કે લટાર મારવા નીકળ્યો હતો એ વખતે જ અન્ય એક માર ઓચીંતી પસાર થતાં તે હેબતાઇ ગયો હતો અને કાબૂ ગુમાવતાં કદાચ બ્રેકને બદલે લીવર પર પગ મુકી દેતાં કાબૂ ગુમાવ્યાની ચર્ચા હતી. ઉલ્લેખનીય છે કે દિવાળીની રાતે જ કોટેચા ચોકમાં એક નશાખોર કાર ચાલકે પોતાના હસ્તકની કાર બેફામ ઝડપે ચલાવી ત્રણ કાર, ત્રણ ટુવ્હીલરને ઉલાળી દીધા હતાં. જેમાં છ સાત લોકોને ઈજાઓ પણ થઇ હતી. તસ્વીરમાં અકસ્માત સ્થળે બૂકડો થઇ ગયેલી આઇ-૧૦ કાર અને એકઠા થયેલા લોકો તથા પોલીસ જોઇ શકાય છે.

# જિલ્લામાં ચાલતા જુગારના અડા ઉપર પોલીસ ત્રાટકી : ૧૨ સ્થળેથી ત્રણ મહિલા સહિત ૧૯ ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં પોલીસે એક જ દિવસમાં અલગ અલગ જુગારના એકડઝન સ્થળોએ દરોડા પાડી તિનપત્તી અને વરલીના જુગારમાં ત્રણ મહિલા સહિત ૧૯ની ધરપકડ કરી રૂ. ૭૦ હજારની રોકડ કબ્જે કરી છે. પોલીસે ગોંડલ, ઉપલેટા, જસદણ, શાપર-વેરાવળ, મેટોડા અને પડધરીમાં દરોડા પાડયા હતા.

ગોંડલમાં પોલીસે ખોડિયારનગરમાં જુગારનો દરોડો પાડી રાહુલ ગીરપર પટેલ, સંદિપ મગન સાવલિયા, ગૌતમ જયંતિભાઈ રૈયાણી, અંકિત રતિલાલ રૈયાણી, અલ્પેશ લાલજી હિરપરાની રૂા. ૬૨ હજારની રોકડ સાથે ધરપકડ કરી હતી.

જ્યારે આટકોટમાં મોટા દળવા નજીક જાહેરમાં જુગગાર રમતી ત્રણ મહિલા હંસાબેન : અરવિંદભાઈ સોલંકી, ભારતીબેન મુકેશભાઈ ગોંડલ, ઉપલેટા, જસદણ, શાપર-વેરાવળ, મેટોડા અને પડધરીમાં દરોડા પાડી ૭૦ હજારની રોકડ કબ્જે કરતી પોલીસ સોલંકી અને શિલ્પાબેન અનિલભાઈ સોલંકીની રૂા. ૭૬૦ની રોકડ સાથે ધરપકડ કરી હતી. ઉપલેટામાં વરલીના આંકડા લેતા શખ્સની ધરપકડ કરવામાં આવી હતી.

જ્યારે ઉપલેટામાં ઈમરાન મહમદ કાદરી, જસદણમાં મગન વિઠ્ઠલ મકવાણા, શાપર વેરાવળમાં ભરત સ્વજી પરમાર, ગોંડલમાં ભરત કરશન લાંબરિયા તથા અકરમ ઈસાક દોઢિયા, અશરફ ઈબ્રાહીમ પીંજારા, જ્યારે પડધરીમાં રવી મુરજી મકવાણાને વરલીના આંકડા લેતા ઝડપી લેવામાં આવ્યા હતા. મેટોડામાં પોલીસે દરોડો પાડી શ્રીનાથજી પાર્ક પાસે જુગાર રમતા બાદલ દિલિપ રાઠોડ, વિશાલ અનિલ યાદવ અને મયુર મહેશ મકવાણાને રૂા. ૧૪૭૦ની રોકડ સાથે ઝડપી લીધો હતો.

# પુત્રની સારવાર માટે હોસ્પિટલમાં રોકાયેલા પરિવારના મકાનમાંથી રૂ.૬.૨૫ લાખની ચોરી

■ પોપટપરામાં ખેડૂતના ઘરમાંથી રૂ.૧.૯૪ લાખની ચોરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

યુનિ.રોડ પરના ઋષિકેશ પાર્કમાં રહેતા આર્કિટેકટ તેના પુત્રને એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કર્યો હોવાથી ઘરે તાળું મારી ને ગયા અને તસ્કરો પાછળથી રૂ.૬.૨૫ લાખનો હાથ ફેરો કરી ગયાની પાડોશીને જાણ થયા બાદ આર્કિટેકટને જાણ કરતા તુરંત ઘરે આવી પોલીસને જાણ કરતા યુનિ.પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

યુનિ.રોડ પરના ઋષિકેશ સોસાયટીમાં રહેતા અને આર્કિટેકટ તરીકે કામ કરતા અક્ષયભાઈ મગનભાઈ મુંગરાએ યુનિ.પોલીસમાં તેઓના ઘરમાંથી ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે જેમાં તેઓ તેના પુત્રની તબીયત સારી ન હોવાથી એઈમ્સ હોસ્પિટલમાં ગયા હતા જયાં ડોકટરે પુત્રને દાખલ કરવાનું કહેતા જેથી દંપતિ રાત્રીના હોસ્પિટલમાં રોકાયું હતું અને ગઈકાલે સવારે પાડોશીનો ફોન આવ્યો અને કહ્યું કે તમારા મકાનનું તાળુ તુટેલ છે જેથી પુત્રને હોસ્પિટલમાંથી રજા લઈ દંપતિ ઘરે આવીને તપાસ કરતા ડેલી ખુલ્લી હતી અને મુખ્ય દરવાજાનું તાળુ તુટેલ હાલતમાં જોવા મળેલ જેથી અંદર જતી તપાસ કરતા સામાન વેર-વિખેર હાલતમાં હતો અને કબાટમાં તપાસ કરતા સોનાનો ચેઈન, ત્રણ વીટી, ત્રણ સોનાના પેન્ડલ, મંગળસુત્ર, ત્રણ સોનાની વીટીં, કાનની બુટી, બેસ્લેટ તથા ચાંદીના સાંકળા, ચાંદીની ઝાંઝરી, પેંડલ શેટ, પત્નિના પર્શમાં રાખેલ રોકડ રૂ.૧.૩૦ લાખ મળી રૂ.૬.૨૫ લાખના સોના-ચાંદીના દાગીના જોવા ન મળતા ચોરી થયાની પોલીસને જાણ કરતા યુનિ.પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ સીસીટીવી આધારે તસ્કરોનું પગેરૂ મેળવવા તજવીજ હાથ ધરી છે.

તેમજ મૂળ નેકનામ ગામના વતની હાલ પોપટપરા મેઈન રોડ પર રહેતા સંજયભાઈ લવજીભાઈ દારોદ્રાએ પ્ર.નગર પોલીસમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે જેમાં ગત.તા.૬ના તેઓ પરિવાર સાથે તેના ગામ ખેતીકામ કરવા ગયા હતા અને ગત.તા.૧૦ના તેઓ કાકીનો ફોન આવ્યો અને કહ્યું કે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો છે તેમ વાત કરી હતી બાદમાં ઘરે આવી તપાસતા સામાન અસ્ત-વ્યસ્ત હતો અને કબાટની તીજોરી તુટેલ હતી તેમાં રહેલ સોનાના ચેન પેન્ડલ, સોનાની બે સળ, વિટીં, તથા રોકડ રૂ.૧૨૦૦૦ મળી રૂ.૧.૯૪ લાખની ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આઈ.એ.બેલીમે હાથ ધરી છે.

# પોપટપરાના યુવાનને પૈસાની ઉઘરાણી પ્રશ્ને મિત્રએ ક્ર્યો હુમલો

■ વાતચીત કરવાના બહાને રેલવે સ્ટેશનેથી લઈ જઈ માર માર્યાને આક્ષેપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં પોપટપરા વિસ્તારમાં રહેતો યુવાન રેલવે જંકશન પાસે હતો ત્યારે મિત્રોએ પૈસાની ઉઘરાણી મુદ્દે બોલાચાલી કરી વાતચીત કરવાના બહાને કારમાં બેસાડી પોપટપરા વિસ્તારમાં લઈ જઈ માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડાયો હતો. આ અંગે ઈજાગ્રસ્ત યુવાને હુમલાખોર પાંચે મિત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. શહેરમાં પોપટપરા વિસ્તારમાં આવેલા કૃષ્ણનગરમાં રહેતો ઈકબાલ ભીખુભાઈ શેખ નામનો ૩૭ વર્ષનો યુવાન રેલવે જકશનના રિક્ષાપાર્કીંગમાં



પોતાની રિક્ષા લઈને ઉભા તો ત્યારે તેના મિત્રહુશેન કાલી, યુનુસ ઉર્ફે જૂનો અને ઈરફાન ઉર્ફે પતલો કાર લઈને ધસી આવ્યા હતાં. અને હુસેન અને ઈમરાને આપેલા રૂપિયાની ઉઘરાણી કરી બોલાચાલી કરી હતી. અને પોપટપરામાં પૈસા બાબતે વાતચીત કરવાના બહાને કારમાં બેસાડી લઈને ત્રણેય મિત્રએ મોઈન ઉર્ફે ટકો અને સલીમ સાથે મળી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકનો પગ ભાંગી જતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે ઈજાગ્રસ્ત ઈકબાલ શેખે હુમલાખોર પાંચેય મિત્ર વિરુદ્ધ પ્રનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં કારખાનેદાર સહિત ૩ લોકોના હદય ધબકારા ચુકી ગયા

## યુવાન અને બે આધેડ બપોરના અરસામાં ઢળી પડયા બાદ મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કારખાનેદાર સહિત ત્રણ વ્યક્તિના હાર્ટ એટેકથી મોત નિપજ્યા છે. ત્રણેયના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ હરી ઘવા મેઈન રોડ ઉપર આવેલ કામનાથ સોસાયટીમાં રહેતા શૈલેષભાઈ ધીરુભાઈ સોરઠીયા ગામના ૪૪ વર્ષના કારખાનેદાર પોતાના ઘરે હતા. ત્યારે બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. કારખાનેદાર યુવાનને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી કારખાનેદાર યુવાનનું હોવાનું જાહેર કરતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક શૈલેષભાઈ સોરઠીયા બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં પત્ર અને પુત્રી છે. શૈલેષભાઈ સોરઠીયા ગોકુલનગરમાં હાર્ડવેરનું કારખાનું ધરાવતા હતા. અને તેમનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત બીજા બનાવમાં ધર્મેન્દ્ર રોડ ઉપર જુની શાકમાર્કેટ પાસે રહેતા મહેશભાઈ દેવશંકરભાઈ ભટ્ટ નામના ૫૧ વર્ષના આધેડ બપોરના ચારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા. ત્યારે તેમને હૃદયરોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મહેશભાઈ ભટ્ટે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક આધેડ ચાર ભાઈમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્રો હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત ત્રીજા બનાવમાં મોરબી રોડ ઉપર ફિલ્ડ માર્શલ વાડીની સામે આવેલા અભીરામ પાર્કમાં રહેતા લક્ષ્મણભાઈ તારશીભાઈ ઘેટીયા નામના ૫૭ વર્ષના આધેડ પોતાના ઘરે હતા. ત્યારે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તબીબે લક્ષ્મણભાઈ ઘેટીયાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા ઓરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછપરછમાં લક્ષ્મણભાઈ ચાર ભાઈમાં મોટા હતા અને તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રેરીત હેલ્થ અને હોસ્પીટલ કમિટીના રાજકોટ શહેર પ્રમુખપદે ગીરીશ વાણિયાની નિયુકત

## શહેરમાં હોસ્પીટલમાં આવતા શ્રમજીવી ગરીબ, નિરાધાર દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી નિયુકત કરાય



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માનનીય પ્રમુખ શકિતસિંહજી ગોહિલની મંજુરીની અપેક્ષાએ માનવ સેવા, દર્દી સેવા કરવાના ઉદેશથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની હેલ્થ એન્ડ હોસ્પીટલ કમિટિમાં રાજકોટ શહેર પ્રમુખપદે શ્રી ગીરીશ વાણિયાની નિમણુંક કરવામાં આવી છે. હોસ્પીટલમાં આવતા શ્રમજીવી, ગરીબ નિરાધાર દર્દીઓને મદદરૂપ, સહાયરૂપ માર્ગદર્શક અને રાહબર બની માનવ સેવાની સુંદર કામગીરીથી કોંગ્રેસપક્ષની પ્રતિષ્ઠામાં વધારો કરવા તેઓની નિમણુંક કરાય છે. તેઓની આ નિમણુંક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રેરીત હેલ્થ એન્ડ હોસ્પીટલ કમિટિના ચેરમેન ભીખુભાઈ દવે, હેમાંગભાઈ વસાવડા-જી.પી.સી.સી. વાઈસ પ્રેસીડેન્ટ, કિરણભાઈ મકવાણા, અમનભાઈ ગોહેલ, જગદીશ સાગઠીયા, હિરેન મકવાણા, નરેશ પરમાર સહીતનાઓએ ગીરીશ વાણિયાને મો.નં. ૯૮૨૪૨ ૧૬૫૦૭ અભિનંદ પાઠવી શુભેચ્છાઓ આપી હતી.

# પ્રોઢને આપઘાતની ફરજ પાડનાર રાજકોટના ચાર સોની વેપારી સામે ફરિયાદ



બાબરીયા કોલોનીમાં આવેલ માતૃછાયા મકાનમાં ૩૫ વર્ષીય હીરાભસ્રાઈ અશ્વીનભાઈ આદેસરા રહે છે. તેઓ સોની કામની મજુરી કરે છે. તેઓ અગાઉ રાજકોટના ધર્મેશભાઈ પારેખ, અતુલભાઈ પારેખ, મનોજભાઈ પ્રહલાદભાઈ અને વિવેકભાઈ ભીખાભાઈને ત્યાં સોનીકામની મજુરી કરતા હતા. તેઓએ સોનીકામમાં ચોરીની કબુલાત કરી હતી. ત્યારે આ ચારેય શખ્સોએ નોટરી વાળુ લખાણ કરાવીને સમાધાન કર્યુ હતુ. અને ચોરીનો મુદ્દામાલ તેઓની પાસે રાખ્યો હતો. બાદમાં આ ચારેય લખાણ બતાવીને માનસીક ત્રાસ આપતા હતા. આથી સમાજમાં બદનામ થવાની બીકે તા. ૧૪-૧૦-૨૪ના રોજ હીરેનભાઈના પિતા અસ્વીનભાઈ આદેશરાએ લીંબડી ખાતે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેમાં તેઓને પ્રથમ લીંબડી અને ત્યારબાદ સુરેન્દ્રનગર સારવાર માટે લઈ જવાતા તેઓનું મોત થયુ હતુ. બનાવમાં હીરેનભાઈએ લીંબડી પોલીસ મથકે ચારેય આરોપીઓ સામે અશ્વીનભાઈને મરવા મજબુર કર્યાની દુષ્પ્રેરણની ફરિયાદ નોંધાવી છે. બનાવની વધુ તપાસ પી.આઈ. પી. કે.ગોસ્વામી ચલાવી રહ્યા છે.

# કાલાવડ રોડ પર અવધના ઢાળીયા પાસે ૧૮૦ બોટલ દારૂભરેલી બોલેરો ઝડપાઈ

શહેરની ભાગોળે કાલાવડ રોડ પર આવેલા અવધના ઢાળિયા પાસે તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોબેશનલ પીએસઆઇ એમએચ મહારાજ અને પ્રોફેશનલ એએસઆઇ દિનેશભાઈ જોશી સહિતનો સ્ટાફ રાત્રે પેટ્રોલિંગમાં હતા ત્યારે અવધના ધાર્યા પાસે એક બોલેરો પીકપ ગાડી શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૮૦ બોટલ કિંમત રૂપિયા ૧.૭૫ લાખ ની મળી આવતા પોલીસે બોલેરો પીકપ વન નો ચાલક અને રાજસ્થાનના દેત્રોલ ગામનો વતની કૃષ્ણકુમાર ઝાલા રામ રબારી નામના શખ્સની ધરપકડ કરી બોલેરો ચીપ સહિત કુલ રૂપિયા ૫.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે

# રાજકોટમાં ચોરી અને દારૂના ગુનામાં ફરાર બે આરોપી ઝડપાયા



પેરોલ ફર્લો સ્કોવર્ડની ટીમે તાજેતરમાં એક મહીનામાં ૫૫ જેટલા ફરારી શખ્સોને ઝડપી લીધા હતા. ત્યારબાદ પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમે દારૂ અને ચોરીના ગુનામાં ફરાર વધુ બે આરોપીને ઝડપી લીધા છે.પેરોલ ફર્લો સ્કોવર્ડની ટીમના પીઆઈ સી.એચ. જાધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.જી. તેરૈયા, ઝહીરભાઈ ખફીફ, રાજદીપસિંહ ચૌહાણ, રોહીતભાઈ કછોટ, યોગેન્દ્રસિંહ ઝાલા, શાંતુબેન મુળીયા, ફુલદિપસિંહ જાડેજા, સીરાજભાઈ ચાનીયા અને દોલતસિંહ રાઠોડ સહીતના સ્ટાફે બાતમીને આધારે આજીડેમ પોલીસ મથકના દારૂના ગુનામાં બે મહીનાથી ફરાર બીજલ સોમા આલને તેમના વિંછીયા તાલુકાના અમરાપુર ગામેથી ઝડપી લીધેલ હતો. આરોપીને આજીડેમ પોલીસમાં સોંપવામાં આવ્યો છે. તેમજ બીજી ઘટનામાં આજીડેમ પોલીસનાં ચોરીના ગુનામાં ચાર મહીનાથી ફાર પ્રકાશ ઉર્ફે પ્રવિણ ઉર્ફે માસ ભિખાભાઈ વાઘેલા (રહે. કાંગસીયાળી ગામ ધાર સોસાયટી, તા.લોધીકા)ને ટીલાળા ચોક પાસે સર્વોદય સોસાયટી ખાતેથી પકડી પાડયો હતો.

# શહેરમાં રિક્ષા ગેંગ ફરી સક્રિય: યુવાનની નજર ચૂકવી ૨૮ હજારની રોકડ તફડાવી લીધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રિક્ષામાં મુસાફરને બેસાડીને ચોરી કરતી ગેંગ ફરી સક્રિય થઈ છે. આગાઉ પોલીસે ટેક્સીમાં બેસાડી મુસાફરોના ખિસ્સામાંથી રૂપિયા સેરવી લેતી ગેંગ ઝડપી હતી.મોરબી રોડ પર આ ગેંગ મુસાફરોને ટેકસીમાં બેસાડી મુસાફરનું ધ્યાન ભટકાવી લોકોના પાકીટ અને રૂપિયા સેરવી લેતી હતી.આ ગેંગ બાદ હવે ફરી રિક્ષામાં મુસાફરોને શિકાર બનાવતી ટોળકીએ એક યુવાનને નિશાન બનાવી રૂ.૨૮૦૦૦ ચોરી લીધાની ફરિયાદ નોંધાઈ છે.શહેરના રાજનગર ચોક પાસે આવેલા જય પાર્કમાં રહેતા રાહુલ વેલસિંહ મોહનીયાએ માલવીયાનગર પોલીસમાં અજાણ્યા રીક્ષા ચાલકનું નામ આપી ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ રાહુલ ગત.તા.૩૦ના તેઓ તેની બહેન સાથે રાજનગર ચોકથી ગ્રીનલેન્ડ ચોકડી જવા રીક્ષામાં રોકતા તેમાં અગાઉથી બે પેસેન્જર બેઠા હતા અને રીક્ષા લક્ષ્મીનગર શાક માર્કેટ પાસે પહોંચતા ચાલકે કહ્યું કે તમે અહીં ઉભા રહો હું આ પેસેન્જરને ઉતારી આવું કહી ભાડું માગેલ નહીં અને તેઓએ ખીસ્સા તપાસતા રૂ.૨૮૦૦૦ હજાર જોવા ન મળતા રીક્ષામાં બેઠેલા અજાણ્યા શખસે સેરવી લીધાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે, ૧૦ મહિના પૂર્વે પણ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે રિક્ષા ગેંગના ચાર સભ્યોને ઝડપી લઈ ૩૬ ગુનાના ભેદ ઉકેલ્યા હતા. આ ટોળકી પણ લોકોને રિક્ષામાં બેસાડી ધકકા મુકી તેમજ ઉલટી ઉબકા સહીતના ઢોંગ કરી નજર ચુકવી રોકડ અને મોબાઈલની ચોરી કરતી હતી. રાજનગર નજીક બનેલા આ બનાવમાં આ રિક્ષા ગેંગની સંડોવણી હોવાની શંકા છે. જેના આધારે પોલીસે ગુનોં નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

# અલ્કાપાર્કમાં ઓનલાઈન કસીનો ખેલતો શખ્સ ઝડપાયો: બેના નામ ખુલ્યા

## આઈડીમાં છ લાખની બેલેન્સ અને ૨૫ લાખની ક્રેડિટના વ્યવહારો મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી



રાજકોટ શહેરના સંતકબીર રોડ પર અલ્કા પાર્ક શેરી નં.૭ના ખુણે ઓનલાઈન કસીનોની આઈડીમાં જુગાર રમાતો હોવાની બાતમીને આધારે ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી શખ્સને ઝડપી લીધો હતો. આ સાથે તેનો મોબાઈલ ચેક કરતા લાખોના વ્યવહાર સાંકેતીક ભાષાાં મળી આવ્યા હતા તેમજ છ લાખની બેલેન્સ અને ૨૫ લાખની ક્રેડીટ મળી આવી હતી. તેની પુછપરછમાં બે શખ્સોના નામ ખુલવા પામતા બન્ને શખ્સની શોધખોળ કરવામાં આવી રહી છે.પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ.એલ. ડામોરની રાહબરીમાં એએસઆઈ મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમીને આધારે સામાકાંઠે સંતકબીર રોડ અલ્કાપુરી શેરી નં.૭ના ખુણે રોડ પર ઉભેલો શખ્સ મોબાઈલમાં લાઈવ કસીનોની આઈડી ફોરવર્ડ કરી જુગાર રાડે છે જેથી પોલીસે આરોપીને પકડતા તેનું નામ ગૌતમ સુરેશ રાણી (રહે.મારૂતીનગર, કુવાડવા રોડ)ની ધરપકડ કરી હતી. તેમનો મોબાઈલ ચેક કરતા તેમાંથી ક.૪૩ લાખની બેલેન્સ અને ૨૫ લાખની કેડીટ મળી આવી હતી. તેમજ અલગ અલગ સાંકેતીક ભાષામાં લાખો રૂપીયાના વ્યવહાર મળી આવ્યા હતા.આરોપી ગૌતમની પુછપરછ કરતા તેમનો ભાગીદાર અનીલ ગોલતરે તેના મિત્ર મલય પોબારૂ પાસેથી ત્રઋઈઊઝ ૨૪૭ નામની જુગાર રમવાની આઇડી મેળવી અનીલ ગોલતરે ગૌતમનાં મોબાઈલમાં ખોલી આપી હતી. હાલમાં બન્નેનું નામ ખુલતા બન્ને શખ્સોની શોધખોળ કરવામાં આવી રહી છે.